

કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૯ ● સપ્ટેમ્બર ૨૦૧૯

## જલઝીલણી એકાદશી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧









૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) માં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વચનામૃતની રાત્રી પારાયણમાં સભામાં તથા યજમાન પરિવારને આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. આપણા કાલુપુર મંદિરમાં જન્માષ્ટમીના ઠાકોરજીને પારણામાં ઝુલાવતા તથા મંદિરના ચોકમાં રાસોત્સવ અને કીર્તન ભક્તિ કરતા સંત હરિભક્તો. ૩.દહેગામ, જેતલપુ (બહેનોનું), અને માણસા મંદિરમાં હિંડોળા દર્શન .૪. ન્યુ રાણીપ મંદિરમાં હનુમાનજી સમક્ષ અન્નકૂટ દર્શન.




# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૪૯

સપ્ટેમ્બર-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | આચમન | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના દિવ્ય ૧૦૮ નામો | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૩ |
| ૦૬. | વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી | ૧૭ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૭ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૮ |

# અસ્મદીયમ્

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને ખૂબજ કૃપા કરીને આપણા સમગ્ર દેશમાં ખૂબજ સારો વરસાદ વરસાવ્યો. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. જેથી આપણે ખેતીમાં જેટલું ઉત્પાદન વધુ થાય તેટલી આપણા વિકાશ દર ઉપર અસર થાય છે. સમગ્ર વિશ્વમાં ભૂગર્ભ જળ સ્તર દર વર્ષે ખૂબજ ઘટતું જાય છે. આ એક ચિંતાનો વિષય છે. સમગ્ર વિશ્વમાં પાણીનો ખૂબજ બગાડ થાય છે. આપણે સ્વયં આપણા જ ઘરમાં જો તેનું પાલન કરીશું તો ચોક્કસ તેનું નક્કર પરિણામ આવે. પાણી વિના જીવન શક્ય નથી. માટે આપણા સૌ હરિભક્તોએ પાણીનો ખોટો દૂરપયોગ-વેડફાય નહીં તેનું ખાસ ધ્યાન રાખશો.

શ્રાવણ માસમાં હિંડોળા દર્શન, જલઝીલણી શ્રી ગણપતિજીના વરઘોડાના દર્શન, વિજયા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો જન્મોત્સવ અને હવે દિવાળીના ઉત્સવો આવશે. અમદાવાદ મંદિરમાં શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા દેવના દર્શન કરી જીવને ટાઢક મળે છે.



આપણને તો આવા સર્વોપરિ શ્રીહરિ મળ્યા છે એટલે આપણા ભાગ્યનો કોઈ પાર નથી. આપણા શ્રી નગર અમદાવાદમાં શ્રીહરિએ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે ત્યારથી આ શહેર અને શહેરમાં વસતી પ્રજા ખૂબજ સુખી સંપન્ન થઈ છે. પણ શ્રીજીમહારાજની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ દશાંશ વિશાંશ ધર્માદો ચોખ્ખો કાઢજ્યો. દેવનું છે અને દેવને જ દેવાનું છે. તેમાં આપણું કાંઈ નથી તેમ સમજી ધર્માદો ચોખ્ખો કરવો. તેમાં જ આપણું શ્રેય અને મંગળ થશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૯)

| | |
|---|---|
| ૧૦ | ગજ્જર રાજેન્દ્રકુમાર બાબુભાઈને ત્યાં પધરામણી. નારણપુરા |
| ૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) વચનામૃત જ્ઞાનસત્ર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી. |
| ૧૪-૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાસ્કાટોન (કેનેડા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર પંચદશાબ્દી પાટોત્સવ પ્રસંગે અને બાળ મંડળના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી. |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૯)

| | |
|---|---|
| ૧૬ થી ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટ (અમેરિકા) ૧૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫ | ચરાડવા ગામે સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ. |



# આચમન

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી ભારતીય સનાતન વૈદિક અને પૌરાણિક પરંપરાની પૂજાવિધિમાં પૂજાકર્મ, યજ્ઞકર્મ, વ્રત, જપ, તપ, દાન, સ્નાન, તીર્થ, સંધ્યા, પાઠ, પૂરઃશ્ચરણ, શ્રવણ.... કીર્તન, અર્ચન, સંસ્કાર જે નિત્ય કે નૈમિત્તિક પ્રસંગોપાત દીર્ઘકાલીન કે અલ્પકાલીન વિગેરે સત્કર્મનો કાર્યારંભ સર્વ પ્રથમ પૂર્વે ત્રણવાર જળ વડે આચમન કરવામાં આવે છે. આપણા ઋષિઓએ આચમન વડે શરીર અને મન શુધ્ધ કરવાના શુભ આશયથી આચમન વિધિની વ્યવસ્થા તૈયાર કરી છે. કોઈપણ સત્કાર્ય કરતા પહેલા માનવની આંતરિક, બાહ્ય, માનસિક, કાયિક શુધ્ધિ કરવી ખૂબજ જરૂરી હોય છે. પ્રારબ્ધ અને ક્રિયામાણ કર્મોથી બંધાયેલ માનવીને અહર્નિશ અનેક અપવિત્ર-પાતક પ્રસંગોનો સામનો સ્થૂળ-સુક્ષ્મ દેહ વડે સહજ રીતે થઈ જતો હોય છે. દેવકર્મ કરવાની પૂર્વે દેહસમાન પવિત્ર હોય તો જ દેવ સેવાનો અધિકાર મળે છે. અને તો જ જે તે દેવ તેના દ્વારા થતી પૂજા સત્કર્માદિક ક્રમ તેનો સાંગોપાંગ સ્વીકાર કરે અને ત્યારે જ દેવકર્મમાં તેનો તંતુ જોડાય છે. મન શુધ્ધિ કરવાની પ્રક્રિયા એટલે આચમન, અંર્ત-બાહ્યની શુધ્ધિ એટલે આચમન.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક નં. ૫૧ માં સ્વહસ્તે લખ્યુ છે કે, ‘‘પ્રાતઃકાળે સ્નાનાદિક ક્રિયા પૂર્ણ કરી શુધ્ધ આસન પૃથ્વી પર પાથરીને પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે બેસીને આચમન કરવું.’’ પ્રાતઃ કાળની નિત્યવિધિ કરતા પહેલા અમારા આશ્રિતોએ આચમન કરવું. એવી આજ્ઞા કરી છે.

આચમન કેવી રીતે કરવું ? તેનું શાસ્ત્રોક્ત રીતે, વૈજ્ઞાનિક રીતે શું મહત્ત્વ છે ? આચમન કરવાથી કેટલો પ્રભાવ પડે અને ન કરવાથી કેટલું નુકશાન થાય તે તમામ બાબતોનો સત્સંગી હરિભક્તો, સત્કર્મ પ્રેમી મુમુક્ષુઓએ રહસ્ય જાણવું બહુ જરૂરી છે. વર્તમાન સમયમાં માણસ પાસે સમયનો અને શ્રધ્ધા શક્તિનો અભાવ હોવાથી આવા નાની પ્રક્રિયાની સેવાના આદર્શો વિસરાતા જાય છે. કેમ કે, પાત્ર શુધ્ધિ કર્યા વિના કોઈ પ્રકારના ઉત્તમ કક્ષાના પદાર્થો, વસ્તુઓ તેમાં રાખવામાં આવે તો પાત્ર દોષના કારણે અપવિત્ર બની જાય છે. એટલે કે, આચમન કર્યા વિનાની તમામ કર્મ વિધિ વિધાન રહિત અસફળ બની જાય છે. આચમન કરનાર દેવ તુલ્ય બનીને દેવ સેવાનો અધિકારી થાય છે.

આચમન કરવાની વિધિ હવે કહેવામાં આવે છે કે, સર્વ પ્રથમ તો શ્રીજી મહારાજના વચન મુજબ આચમન આસન પર બેસીને કરવું. તે પણ પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે. તેમાં કેટલાક સંજોગોમાં જેમ કે નદી-તળાવના જળ પ્રવાહમાં સ્નાન, તપ, જપ કરવાનો જ્યારે પ્રસંગ હોય ત્યારે જળમાં સ્નાનાદિક ક્રિયા કરવાની થાય તેવા સંજોગોમાં ઉભા ઉભા આચમન કરી શકાય છે. પવિત્ર આસન ઉપર બેસી જમણો હાથ જાહનું (ઢીંચણ) પર રાખી ડાબા હાથ વડે આચમની વડે જમણા હાથની હથેળીમાં જળ લેવું. હાથની હથેળી દેવતીર્થ-બ્રહ્મતીર્થ હોવાથી પવિત્ર સ્થાન છે. તેમાં જળ રાખવાનો વિધિ કહેલો છે. આપણા હાથમાં સમસ્ત દેવોનો વાસ છે. અંગૂઠાના મૂળમાં બ્રહ્મતીર્થ તથા કનિષ્ઠિકા અંગુલીના મૂળ ભાગમાં પ્રજાપતિ તીર્થ, મધ્ય અંગૂલીના અગ્ર ભાગમાં સમસ્ત દેવ કોટીનો વાસ એટલે દેવતીર્થ તથા તર્જની અંગુલી અને અંગૂઠાના વચ્ચેના ભાગને પિતૃતીર્થ કહ્યું છે. એટલે હાથની તર્જની આંગળી અને અંગૂઠાને સીધી રાખી બાકીની ત્રણ આંગળીઓને પોતાના તરફ વાળીને તેમાં જળ ગ્રહણ કરવું. આવી મુદ્રાને કરતીર્થ, મુખતીર્થ કહ્યું છે. ત્યારપછી કર સરોવર રૂપી હથેળીમાં આચમની વડે પધરાવેલ જળને પરબ્રહ્મ પરમાત્મા કેશવ

ભગવાનની સ્મૃતિએ સહિત બોલવું ''ૐ કેશવાય નમઃ'' આમ કહીને હાથ વડે જળ મુખમાં પધરાવવું. ફરી ''ૐ નારાયણ નમઃ'' બીજીવાર સ્મૃતિ સહિત જળ પીવું. ફરી ''ૐ માધવાય નમઃ'' એવો મંત્ર બોલી સ્મૃતિએ સહિત ત્રીજીવાર જળ પીવું. ફરી હાથમાં જળ લઈને ''ૐ ગોવિંદાય નમઃ'' એમ સ્મરણ કરી હાથમાં રહેલું જળ તરભાણા (પાત્ર)માં પધરાવવું. જળની માત્રા કંઠ સુધી જળ પ્રવાહ પહોંચે એટલી લેવી. જળ ઉદર સુધી પહોંચી જાય એટલી વધુ માત્રામાં ન લેવું. કેમ કે માણસ ના કંઠમાં તેના પૂર્વેની સાત પેઢીઓના પૂર્વજોના અંશ છુપાયેલા હોય છે. તે જળ કંઠમાં જવાથી તે પેઢીઓના પૂર્વજો પણ તે પવિત્ર જળ વડે શુધ્ધ થઈને પૂજા સત્કર્મનું પુણ્યફળ મેળવવા શુધ્ધ બની જાય છે. આચમન કરનાર યજમાન અને તેના પૂર્વજો એક જ સાથે શુધ્ધ પવિત્ર બની જાય છે. વળી તેમાં ચાર વર્ણનું અલગ અલગ વિધાન પણ કેટલાક શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, બ્રાહ્મણનું આચમન જળ કંઠ સુધી, ક્ષત્રિયનું હૃદય સુધી, વૈશ્યનું તાલુ સુધી, અને સ્ત્રીઓએ માત્ર હોંઠનો સ્પર્શ થાય એટલી જળની માત્રા લેવી. સ્ત્રીઓએ જળને કંઠમાં ઉતારવું નહિ. પૂર્વકાળમાં પૂજાવિધિની પાત્રતા-પવિત્રતાનો અધિકાર પ્રાપ્ત કરવા માણસની સાત પેઢીઓને પવિત્ર કરવા ઉત્તમ ઉપાયની વ્યવસ્થા કરવામાં આવી છે.

વૈદિક પૂજાવિધિમાં આદિકાળમાં ''ભૂર, ભૂવઃ, સ્વઃ'' આવા મંત્ર બોલીને આચમન કરવાની પરંપરા છે. જે, સત્કર્મ સમ્પૂર્ણ વેદોક્ત હોય તેવા સત્કર્મના પ્રારંભમાં આચમન વેળાએ વૈદિક મંત્રો બોલવામાં આવે છે.

આચમન વિધિ ત્રણવાર કરવામાં આવે છે. કેમ કે, પરબ્રહ્મ પરમાત્માનું એકવાર પણ નામ લઈને જળ પાન કરવામાં આવે તો પણ માણસ પવિત્ર બને તેમ છતાં ત્રણવાર તે ''સ્થિરતાં, ધ્રુવતા, નિશ્ચયતા અને યજ્ઞ સ્વરૂપ કહેવામાં આવે છે. વળી ત્રિવિધ શુધ્ધિ જે ''કાયિક, વાચિક, માનસિક, ત્રણ દેહ સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ' આવા સિધ્ધાંતોના ઉપલક્ષમાં ત્રણવાર આચમન કરવામાં આવે છે.

આચમન વિધિમાં જળનું જ મહત્વ છે. જળ વડે જ આચમન થાય. અન્ય દૂધ, પંચામૃત, પંચગવ્ય જેવા અનેક પવિત્ર પદાર્થો પૂજા કાર્યમાં લાવવામાં આવે છે. પણ આચમન તો માત્ર જળવડે જ કરી શકાય. કેમ કે, જળ સાક્ષાત્ નારાયણના વિગ્રહમાંથી પ્રગટ થયું છે. અને નારા + અયન. નારા એટલે જળ તેમાં શયન કર્યું. આશરો લીધો એટલે પરમાત્મા ''નારાયણ'' કહેવાયા. જે પ્રભુ નારાયણનો નામ મંત્રજપ સ્મરણ કરીને જળ વડે આચમન કરે છે તે માનવ નારાયણની સેવા-પૂજાવિધિ કરવાને પાત્ર બને છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ આદિમાં વચન છે કે, સૃષ્ટિકાળમાં હિરણ્યગર્ભ ભગવાન જળના શરણે ગયા અને શેષનારાયણની પથારી પર શ્રી નારાયણ ભગવાન પોઢી ગયા. શ્રી લક્ષ્મીજી સેવામાં રહ્યા છે.

શુધ્ધ થવાના પવિત્ર પ્રયત્નને આચમનવિધિ કહેવામાં આવે છે. માટે મુમુક્ષુઓએ સેવા-પૂજાના પાવન પ્રસંગે આવી રીતે મહિમા સહિત આચમનવિધિ કરવી. પૂજાવિધિની બાબતમાં આવા સામાન્ય-સરળ દેખાતા કર્મની ઉપેક્ષા સેવવામાં આવે તો તે વિધિનું યથાર્થ શાસ્ત્રોક્ત ફળ મળતું નથી.

કૂર્મપુરાણના તેરમાં અધ્યાયમાં આચમનવિધિમાં વેદવ્યાસજીએ લખ્યું છે કે : ભોજન કર્યા પછી, જલપાન કર્યા પછી, નિદ્રામાંથી જાગ્યા પછી, સ્નાન કર્યા પછી, મુંડન કર્યા બાદ, બહારગામના ગમન સમયે, સૂતકપૂર્ણ પછી, સંધ્યા સમયે, સ્મશાનમાંથી આવ્યા બાદ, બ્રાહ્મણોએ પુનઃ એકવાર આચમન કરવું. તેમજ ઈતર જ્ઞાતિવર્ણના સ્પર્શવાળુ ભોજન કર્યા પછી આચમન કરવું. તેમજ ઉચ્છિષ્ટ જળ વડે આચમન ન કરવું. પાદુકા પહેરીને તથા વરસાદની ધારાઓથી આચમન ન કરવું. વળી વિશેષ માહિતી આપીને કહ્યું કે, આચમન કર્યા બાદ અંગુષ્ઠ અને અનામિકા વડે બન્ને નેત્રનો નાસિકાનો અને કાનનો સ્પર્શ કરવો. કેમ કે તેથી ઈન્દ્રિયોની પ્રસન્નતા થાય છે.

ભગવાન વેદવ્યાસજી લખે છે કે, ત્રણવાર આચમન કરવાથી બ્રહ્મા, વિષ્ણુ, શિવ પ્રસન્ન થાય છે. નેત્રોનો સ્પર્શ કરવાથી સૂર્ય, ચંદ્ર તથા નાસિકાનો સ્પર્શ કરવાથી દેવોના વૈદ્ય અશ્વનીકુમારો, કર્ણનો સ્પર્શ કરવાથી વાયુ અને અગ્નિદેવ, હૃદયનો સ્પર્શ કરવાથી તમામ દેવતાઓ, શિરનો સ્પર્શ કરવાથી, પરમ પુરાણ પુરૂષ વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે.

# શ્રીહરિના દિવ્ય ૧૦૮ નામો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



श्रीहरि महिमाष्टकम् ॥

गोविन्द नारायण वासुदेव श्रीकृष्ण संकर्षण पद्मनाभ ।
नरानिरुद्धेश्वर लोकनाथ हरे मुकुन्दादय नमो नमस्ते ॥१॥
आनन्दकंदाच्युत सुंदरागं दयानिधे माधव मंगलात्मन ।
विष्णो हृषिकेश परावरेश प्रद्युम्न पद्मनाभ ते नोऽस्तु ॥२॥
विशुद्धमूर्ते मधुसूदनाज दामोदर श्रीधर सर्ववन्दय ।
ब्रह्मण्यदेवाक्षर पूर्णकाम प्रभो विभो नाथ नमो नमस्ते ॥३॥
वैकुन्ठ सत्योत्तम सत्व भूमन् हिरण्यगर्भ त्रिककुत्कलेश ।
विश्वोतमश्लोक विधे महर्षे प्राणेश विश्वेश्वर ते नमोऽस्तु ॥४॥
वृषाकपे केशव धर्म धीर शुचिश्रवो भूतपते परात्मन् ।
पुण्यांग यज्ञेष्ट पुण्यकीर्ते सुधीर्नस्ते पुरुषोतमाय ॥५॥
अधोक्षज श्रीकर कंजनेत्र वेदैकविद्वेदकृदव्ययात्मन् ।
अव्यतक्त संश्रित्पर साँख्य हेतो आनंद विद्याधिपते नमोऽस्तु ॥६॥
ज्ञेयादिदेव प्रियभक्त पूज्य प्रेष्ठ प्रजेशासमवर्य सर्व ।
ब्रह्मागुणागम्य सदर्चनीय प्रमाणहीनाधिपते नमोऽस्तु ॥७॥
स्वामिन्मनहेशामलधाम देव ज्ञानप्रदागोचर सद्गुणाप्त ।
सहस्त्रमूर्ते पुरुषाप्तकाम प्रकाशकाकाशवपुनर्मस्ते ॥८॥
स्वतंत्र मायाधिप सर्वशक्ते सदा प्रसन्नो भव पाहि चास्मान् ।
त्वमेव सर्वाश्रयणीय एकस्तस्मै मुहुस्ते भगवन्नमोऽस्तु ॥९॥

પરબ્રહ્મ પરમાત્માના શાસ્ત્રોમાં અસંખ્ય નામો આવે છે. જેની ગણના કરવી મનુષ્યની બુદ્ધિથી થઇ શકે તેમ નથી. આ કળિકાળમાં મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયેલા આપણાં ઈષ્ટ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામો પણ નન્દ સંતોએ પોતાની રચનાઓમાં વિવિધ સ્થળે અનેક નામથી સંબોધન કરે છે અને અનેક નામોનું ગાન પણ કર્યું છે. સત્સંગિજીવનના રચયિતા શતાનન્દ મુનિએ પોતાની રચનામાંથી ભક્તોની સરળતા માટે શ્રીહરિના એક હજાર નામો અલગથી તારવીને સર્વમંગળ સ્તોત્રની રચના કરી છે જેથી સૌ ભક્તો તેનું ગાન કરી શકે. તેમાં પણ વધારે સરળતા માટે ફરી પાછા શ્રીહરિના ૧૦૮ એકસોને આઠ નામોવાળું જનમંગલ સ્તોત્ર કરી આપ્યું જે સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે અને તેનું ગાન પાઠ જપ સૌ ભક્તો અવશ્ય નિત્યપ્રતિ કરતાં જ હોય છે. તેવી જ રીતે શતાનન્દ મુનિએ સત્સંગિજીવન ગ્રન્થમાં જ ભગવાન શ્રીહરિ જે વારંવાર અનેક સ્થળોએ મોટા મોટા ઉત્સવો કરતાં અને તેમાં જે ભક્તોનો મોટો સમુદાય એકઠો થતો તેમાંના એક સમૈયામાં વિક્રમ સંવત ૧૮૭૩ ને ફાગણ વદ ૧ ને તારીખ ૩ માર્ચ ૧૮૧૭ને સોમવારના દિવસ નો સમૈયો એટલે કે ભગવાન શ્રીનરનારાયણ દેવનો જન્મોત્સવનો ઉત્સવ ખૂબજ મોટા પ્રમાણમાં વડતાલમાં ઉજવ્યો હતો ત્યારે દેશાન્તરોથી આવેલાં હજારો ભક્તો સંતો પરમહંસો ગૃહસ્થો ભાઈઓ બાઈઓ સૌ એક સાથે મળીને જે પોતાના ઈષ્ટદેવ પ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અને અલૌકિક નામો સૌના હૃદય કમળમાં સ્કુરાયમાણ થયા તેના અનાયાસે મુખમાં થી નિસરી પડ્યા તેનું સુન્દર સ્તોત્ર શતાનન્દ મુનિએ રચીને સૌના માટે સરળ બનાવી આપ્યું છે. તે સ્તોત્ર

સત્સંગિજીવનના તૃતીય પ્રકરણના અધ્યાય ૫૫ શ્લોક ૧૮થી ૨૬ સુધી આવેલ છે તે દિવ્ય અને અદ્ભૂતનામો ને સમજવાનો પ્રયત્ન કરીએ......

**ગોવિન્દનારાયણવાસુદેવ શ્રીકૃષ્ણ સંકર્ષણ પદ્મનાભ ।**
**નરાનિરૂદ્ધેશ્વર લોકનાથ હરે મુકુન્દાદય નમો નમસ્તે ॥૧॥**

૧ ગોવિન્દ – સ્તુતિ પ્રાર્થના જેને વેદોમાં સૂક્તના નામથી પણ કહેવાય છે. તે દ્વારા તેમને ઓળખી શકાય છે. મેળવી શકાય છે. તે અથવા ગો એટલે પાંચ જ્ઞાનેન્દ્રિઓનો સમુદાય તે ઈન્દ્રિઓની વૃત્તિઓને પોતાનામાં ખેંચીને રાખે તે ગોવિન્દ છે. અથવા જે ભક્ત ઈન્દ્રિઓની વૃત્તિને પરમેશ્વરના સ્વરૂપમાં જોડે છે તેને જ મળે છે. એવા ગોવિન્દ છે પરમાત્મા. ૨ નારાયણ – નાર એટલે જળ અને જળ એજ જેનું જીવન છે એવા જે નરો અર્થાત મનુષ્યોમાં અયન એટલે સ્થાન આધાર રહેનારા આત્માના આધાર આત્મામાં અન્તર્યામી સ્વરૂપે રહેનારા નરના આત્મા નારાયણ છે. ૩ વાસુદેવ - સમગ્ર વિશ્વમાં વ્યાપક પણે રહેલાં છે તે વાસુદેવ જેને વેદો ઈશાવસ્મ્યમિદં – થી ગાન કરે છે તે વાસુદેવ છે. ૪ શ્રીકૃષ્ણ – કષતિતિ કૃષ્ણ જે જીવમાત્રના મન પ્રાણ ઈન્દ્રિઓને પોતાનામાં આકર્ષે ખેંચે તે કૃષ્ણ અથવા જેમનું નામ માર્કેન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે અતિ સુન્દર શોભા વિશિષ્ટ શ્રીકૃષ્ણ છે. ૫ સંકર્ષણ – આ યુગમાં મનુષ્ય શરીર ધારણ કરીને પોતાના આશ્રિતોના સંસ્કૃતિજનક જન્મમૃત્યુ આપનારા વાસનારૂપી દુઃખને હરે છે તે સંકર્ષણ છે. ૬ પદ્મનાભ – પોતાના ભક્તોના હૃદયકમળમાં સદા નિવાસ કરીને રહે છે અથવા જેની નાભી કમળ જેવી છે તે પદ્મનાભ છે. ૭ નર – જે હમેશાં પુરૂષાકૃતિ છે. અને જે અક્ષર પર્યન્ત સૌના નેતા છે નાયક છે દોરનારા છે. અથવા ધર્મઅને મૂર્તિદેવીના ચાર પુત્ર રૂપે પ્રગટ થયા ત્યારે બીજા પુત્રરૂપે જે નર હતાં તે નર છે. ૮ અનિરૂદ્ધ - જેનું સ્વરૂપ અને રૂપ નો પાર મળી શકે તેમ નથી અર્થાત જેને અક્ષર પર્યન્ત કોઈ પાર પામી શકે તેમ નથી જે અકળ અને સ્વતંત્ર છે તે અનિરૂદ્ધ છે. ૯ ઈશ્વર – પરંબ્રહ્મ પરમાત્મા જે સર્વના ઈષ્ટ છે. સર્વના નિયન્તા છે. ૧૦ લોકનાથ – સર્વ જીવપ્રાણી માત્ર ના નાથ નિયન્તા છે. ૧૧ હરિ – સર્વના કષ્ટને દૂર કરે હરે તે હરિ અથવા માર્કન્ડેય મહામુનિએ જેમનું નામ હરિ એવું પાડ્યું છે તે હરિ. ૧૨ મુકુન્દ – પોતાના આશ્રિતોને આત્યન્તિક મોક્ષ આપે તે મુકુન્દ છે. ૧૩ આદ્ય – જે સર્વથી પહેલાં હોય તે આદ્ય છે અનન્ત કોટી બ્રહ્માડોની ઉત્પત્તિ પહેલાં હતાં અને મધ્યમાં પણ છે અને છેવટે અને રહેવાના જ છે તે આદ્ય છે. એવા હે સ્વામિનારાયણ ભગવાન આપના ચરણોમાં અમે સૌ વંદન કરીએ છીએ. (૧)

**આનન્દકન્દાસ્યુત સુન્દરાંગ દયાનિધે માધવ મંગલાત્મન્ ! વિષ્ણો હૃશ્કેશ પરાવરેશ પ્રદ્યુમ્ન પદ્મનાભ તે નમોડસ્તુ ॥૨॥**

૧૪ આનંદકંદ – અનન્દનું મૂળ છે ૧૫ અચ્યુત – જેનો કોઈ અંશ નથી જે ક્યારેય ચલાયમાન થતાં નથી તે અચ્યુત છે. ૧૬ સુન્દરાંગ – જેના સર્વ અંગો હાથ પગ નાક કાન વિગેરે અતિ સુન્દર છે તે સુન્દરાંગ છે. ૧૭ દયાનિધિ – જીવો ઉપર દયા કરૂણાના સાગર છે. ૧૮ માધવ – જગતના જીવ માત્રનું પોષણ કરે તે દયા કરૂણા શોભા અને બ્રહ્મવિદ્યાના આશ્રય સ્થાન તે માધવ છે. ૧૯ મંગલાત્મા – જેના અન્તરમાં વિરાજે છે તેનું સર્વત્ર મંગલ થાય છે. ૨૦ વિષ્ણુ – જગતમાં સર્વત્ર વ્યપક પણે રહિને ક્ષર અક્ષર પર્યન્ત સર્વનું નિયંત્રણ કરે છે તે વિષ્ણુ છે. ૨૧ હૃષિકેશ – પાંચ જ્ઞાનેન્દ્રિઓ અને કર્મેન્દ્રિઓ અને ચાર અન્તકરણના સમૂહને હૃષિક કહેવાય છે તેના ઈશ એટલે નિયંતા છે તે હૃષિકેશ છે. ૨૨ પરાવરેશ – જે જીવોથી જાણી ન શકાય તે પર અને અવર જે જોઈ જાણી શકાય છે તે સર્વના નિયન્તા જે છે તે પરાવર છે. ૨૩ પ્રદ્યુમ્ન – જે સ્વયં પ્રકાશિત છે જેનો પ્રકાશ સર્વોત્કૃષ્ટ છે જે સૌને તૃણથી લઈને સ્તંબ પર્યન્ત સૌને પ્રકાશ આપે છે પણ પોતાને કોઈના પ્રકાશની જરૂર નથી તે પ્રદ્યુમ્ન છે. ૨૪ પદ્મનાભ – જેનું મુખ કમળ જેવું સુન્દર અને કોમળ છે તે પદ્મનાભ એવા હે પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. (૨)

**વિશુદ્ધમૂતે મધુસૂદનાજ દામોદર શ્રીધર સર્વવન્ય. બ્રહ્મણ્યમેવાક્ષર પૂર્ણકામ પ્રભો વિભો નાથ નમો નમસ્તે ॥૩॥**

૨૫ વિશુદ્ધમૂર્તે – સત્વગુણ રજોગુણ અને તમોગુણ

આ ત્રિગુણ મયિ જે માયા તેના થી અત્યન્ત બાહ્યાભ્યન્ત શુદ્ધ અને પવિત્ર છે તે માનવ દેહ ધારી પરમાત્મા છે વિશુદ્ધમૂર્તે છે. ૨૬ મધુસૂદન – પોતાના શરણે આવેલા ભક્તોનાં મન બુદ્ધિ વિષયોમાં મધુરતા માણી છે તેને તે વિષયોમાંથી છોડાવીને ભગવત્ સ્વરૂપમાં જોડે તે મધુસૂદન છે. ૨૭ અજ – જે સદા અજન્મા છે છતાં લીલારૂપ મનુષ્ય શરીર ધારણ કરીને પોતાના ભક્તોને દર્શન આપે છે તે અજ છે. ૨૮ દામોદર – દમ શમાદિ સાધનોથી જેમને મેળવી શકાય છે તે અથવા દામ એટલે સમગ્ર જગત અને તેનું જે ધન સંપત્તિ શક્તિ ઐશ્વર્ય આદિ જેના ઉદરમાં રહેલ છે તે દામોદર છે. ૨૯ શ્રીધર - અનન્ત પ્રકારની શોભા ઐશ્વર્યા સામર્થ્ય જે ધારી રહ્યા છે તે શ્રીધર છે. ૩૦ સર્વવંદ્ય – જેની મૂર્તિને વિશ્વના સૌ દેવદાનવ મનુષ્યોને વંદન કરવાથી મોક્ષ આપે છે તે સર્વવંદ્ય છે. ૩૧ બ્રહ્મણ્યદેવ – જે ત્રણ દેહ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ તેનાથી પર જુદો જે આત્મા તે રૂપ થાય છે તેને બ્રહ્મરૂપ કહેવાય છે તેના દેવ અર્થાત તેમનું સર્વપ્રકારે હિત કરનારા છે માટે તે બ્રહ્મણ્યદેવ છે. ૩૨ અક્ષર – જેમના કોઈ પણ પ્રકારની વિકૃતિ ક્યારેય ન આવે અક્ષર છે. અર્થાત ક્ષય જે વિકૃતિ જન્મ જરાદિ છે તે ન હોય તે અક્ષર છે. ૩૩ પૂર્ણકામ - જેના હૃદયમાં કોઈ પણ પ્રકારની જગતની કામના કે ઈચ્છા નથી તે પૂર્ણકામ છે. ૩૪ પ્રભુ – સ્વસત્તા રૂપથી સ્વયં ઐશ્વર્યવાન છે તે પ્રભુ. ૩૫ વિભુ – અનન્નકોટી બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપક છે સર્વત્ર છે તે સૌથી મોટા મહાન છે તે વિભુ. ૩૬ નાથ – ચેતન અચેતન સર્વના નિયન્તા નાથ સ્વામી છે તે નાથ છે. એવા હે સ્વામિનારાયણ ભગવાન તમારા ચરણોમાં નમસ્કાર પૂર્વક વંદન છે. (૩)

**વૈકુંઠ સત્યોત્તમ સત્ત્વ ભૂમન્ હિરણ્યગર્ભ ત્રિકકુત્કલેશ વિશ્વોત્તમશ્લોક વિધે મહર્ષે પ્રાણેશ વિશ્વેશ્વર તે નમોઽસ્તુ ॥૪॥**

૩૭ વૈકુંઠ – કુંઠા જે જે જીવોની બુદ્ધિ મોક્ષમાર્ગમાં સંકુચિત છે ટુંકી છે તે કુંઠા પણું જેના આશ્રય કરવાથી નાશ પામે છે તે અથવા પોતાના ભક્તોની કુંઠાને છોડાવીને આત્યન્તિક મોક્ષ ગતિ આપે છે વૈકુંઠ છે. ૩૮ સત્ય – ત્રણેય કાળમાં જેની એકસરખી સ્થિતિ છે તે ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળમાં એકસમાન પણે જ રહે છે તે સત્ય છે. ૩૯ ઉત્તમ - સર્વથી શ્રેષ્ઠ જે છે તે ઉત્તમ જેનાથી કોઈ કોઈપણ પ્રકારે અધિક નથી તે ઉત્તમ છે. ૪૦ સત્વ - જગતમાં સદા સત્તામાત્ર પણે રહેલ છે તે સત્ત્વ છે. ૪૧ ભૂમન - જેમના ગુણ ઐશ્વર્ય ક્રાન્તિ અનંત અચિત્ય અને જાણી ન શકાય તેવા હોય તે ભૂમન છે. ૪૨ હિરણ્યગર્ભ – સુવર્ણના જેવા અતિ તેજસ્વી અપ્રાકૃત ધામના અધિપતિ તે ધામના મધ્યમાં વિરાજમાન છે તે હિરણ્યગર્ભ છે. ૪૩ ત્રિકકત – જેના ત્રણેય અંગો અતિ ઉંચા અને શ્રેષ્ઠ હોય તે ત્રિકકુત છે. ૪૪ કલેશ – સર્વપ્રકારની કલાના ઈશ નિયન્તા સ્વામી અનેક પ્રકારની કળાઓ છે જેમ કે ૬૪ ચૌસઠ કળાઓ ૧૬ કળા અને ૬૮ અડસઠ કળાઓ આ સિવાય પણ જગતમાં જેટલી કળાઓ છે તેના નિયન્તા સ્વામી છે તે કલેશ છે. ૪૫ વિશ્વ – સમગ્ર વિશ્વના આધાર કર્તા અને નિયંતા છે અથવા જેમાં સમસ્ત જગત સમાહિત છે અથવા જે સમસ્ત જગતમાં વ્યાપક પણે રહેલ છે વિશ્વ છે. ૪૬ ઉત્તમ શ્લોક – વિશ્વમાં જે કંઈ પણ શ્રેષ્ટતા છે તે સર્વ જેમનામાં સમાહિત છે તેના સાગર છે જીવના પુણ્યો સત્કર્મોના સાગર છે. તે ઉત્તમ શ્લોક છે. ૪૭ વિધે – વેદાદિ સત્શાસ્ત્રોમાં જેમનું જગત નિયન્તા સ્વરૂપે વિધાન કરેલ છે તે વિધે અથવા જીવ ઈશ્વર માયા અક્ષર પર્યન્ત સર્વના નિયન્તા વિધાતા ફલપ્રદાતા જે છે તે વિધે છે. ૪૮ મહર્ષે - ઋષિમુનિઓમાં જે મહાન છે અર્થાત તપ ઈન્દ્રિય દમન કરવામાં સમર્થ છે તે મહર્ષે છે ૪૯ પ્રાણેશ – પ્રાણ સંચરણ ચેતના શક્તિ જે સમગ્ર વિશ્વમાં છે તેના નિયત્તા સ્વામી છે તે પ્રાણેશ છે. ૫૦ વિશ્વેશ્વર – અનન્તકોટી બ્રહ્માંડોના ઉત્પતિ સ્થિતિ અને પ્રલયના કર્તા અને નિયન્તા છે તે અથવા સમગ્ર વિશ્વના ઈશ્વર પૂજનીય ભજનીય ઉપાસનીય જે છે તે વિશ્વેશ્વર છો એવા ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં નમન પૂર્વક વંદન છે. (૪)

**વૃષાકપે કેશવ ધર્મ ધીર શુચિશ્રવ ભૂતપતે પરાત્મન્ પુણ્યાંગ યશેષ્ટ પુણ્યકીર્તે સુધીર્નસ્તે પુરૂષોત્તમાય ॥૫॥**

૫૧ વૃષાકપિ – વૃષ એટલે ધર્મ અને તેને ધારણ કરનારા તે વૃષાકપિ અથવા ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થયા છે વૃષાકપિ છે. ૫૨ કેશવ - જગતના જીવ પ્રાણી માત્રના અન્તઃકરણમાં અન્તર્યામી સ્વરૂપે રહીને જે તેનું નિયમન

કરે છે તે કેશવ છે. ૫૩ ધર્મ – સમગ્ર વિશ્વને પોતાના સ્વરૂપમાં ધારણ કરીને રહેલાં તે ધર્મ અથવા જે ધર્મના પુત્ર રૂપે પ્રગટ થયા છે ધર્મ છે. ૫૪ ધીર – જે હમેંશાં સ્થિર રહે તે ધીરજ વાન છે. ધીર છે. ૫૫ શુચિશ્રવ – જેનું નામ લીલા ચરિત્ર ગુણગાન સૌના કાનને પવિત્ર કરે છે તે શુચિશ્રવ છે. ૫૬ ભૂતપતિ – આ વિશ્વમાં જે માયાથી આવૃત છે સર્વ ભૂત છે અર્થાત જીવ ઈશ્વર માયા અને અક્ષર પણ ભૂત નામથી ઓળખાય છે તે સર્વના પતિ છે-નિયન્તા છે તે ભૂતપતિ છે. ૫૭ પરાત્મા – જે આત્માના અન્તર્યામી છે પણ આત્મા તેને જાણી શકતો નથી ઓળખી શકતો નથી તેનાથી પર છે તે પરાત્મા છે. ૫૮ પુણ્યાંગ – જેના શરીરના સર્વ અંગો અતિ દિવ્ય છે જેના દર્શન માત્રથી જીવોના પુણ્યોનો ઉદય થાય છે તે પુણ્યાંગ છે ૫૯ - યજ્ઞ સાક્ષાત્ યજ્ઞ મૂર્તિમાન છે જે સર્વના સતસતું કર્મોને પોતાનામાં સ્વાહા કરે છે ભસ્મ કરે છે તે યજ્ઞ છે. ૬૦ ઈષ્ટદ - યાચકોને પોતાના મનમાં માગેલ સર્વ પ્રકારના ફળને આપનારા છે તે ઈષ્ટદ છે. ૬૧ પુણ્યકીર્તિ - જેમનો યશ કીર્તિ નામના સર્વત્ર ગવાય છે તે અથવા જેના ચરિત્રોનું ગુણોનું ગાન કરનારાના પુણ્યનો ઉદય થાય છે તે પુણ્યકીર્તિ છે. ૬૨ સુધી – પોતાના આશ્રયે આવેલાં ભક્તોના દુઃખ દૂર કરવામાં જેમની બુદ્ધિ શ્રેષ્ઠ છે ઉત્તમબુદ્ધિ મતિ વાળા છે તે સુધી છે. ૬૩ પુરૂષોત્તમ - અનન્તકોટી બ્રહ્માંડોમાં જેટલા પણ પુરૂષ શબ્દથી કહેવાય તેમાં સર્વશ્રેષ્ઠ છે અતિ ઉત્તમ છે તે પુરુષોત્તમ છે એવા હે ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. ૫

**અધોક્ષજ શ્રીકર કંજનેત્ર વેદ્કવિદ્ફદવ્યયાત્મન્**
**અવ્યતત સંચિત્પર સૌખ્ય હેતો આનન્દ વિદ્યાધિપતે**
**નમોડસ્તુ ॥૬॥**

૬૪ અધોક્ષજ – જેનું ભજન ભક્તિ કરવાથી અસંખ્ય ભકતો અક્ષરમુક્તની પદવીને મેળવે છે. તથા જેની ભકિત ઉપાસના કરીને ઉંચી પદવીઓ મેળવે છે છતાં તેમનામાંથી જરાય પણ ઓછપ થતી નથી તે અધોક્ષજ છે. ૬૫ શ્રીકર – ઐશ્વર્ય રૂપ જે બ્રહ્મજ્ઞાન બ્રહ્મવિદ્યા જેને પરાવિદ્યા કહે છે તેના દાતા આપનારા છે તે શ્રીકર છે. ૬૬ કંજનેત્ર – કંજ એટલે કમળ અને તેના જેવા સુન્દર આંખોવાળા છે તે કંજનેત્ર છે. ૬૭ વેદૈકલિત – જેના સ્વરૂપને ઓળખવું હોય તો વેદ જે જ્ઞાન રૂપ છે અને સલ્તાત્રોના વચનો સિવાય ઓળખી શકાતા નથી તે વેદકવિત છે. ૬૮ વૈદકૃત વેદ જે જ્ઞાન અને વેદો જે ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અને અથર્વવેદના નામથી ઓળખાય છે તે સર્વના કરેલા છે તે વેદકૃત છે. ૬૯ અવ્યયાત્મા - જેના સ્વરૂપમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો વિકાર વિકૃતિ નથી તે જે નિત્ય અપ્રાકૃત અને દિવ્ય છે. તેના નિયન્તા અને અન્તર્યામી રૂપે રહેલાં છે તે અવ્યયાત્મા છે. ૭૦ અવ્યક્તઃ - સમગ્ર વિશ્વમાં અન્તર્યામી સ્વરૂપે રહેલાં છે પણ તેને કોઈ જોઈ શકતું નથી જાણી શકતું નથી જે ક્યારેય પ્રત્યક્ષ થતાં નથી જે અન્તર્યામી શકિત રૂપે રહેલાં છે તે અવ્યક્તઃ છે. ૭૧ સન્ – સત્ સદા સર્વપ્રકારે સર્વથી શ્રેષ્ઠ છે તે સન છે. ચિત્પર – જે ચેતન તત્વમાત્રથી પર છે અર્થાત કોઈ પણ ચેતન તત્વ તેને જાણી કે ઓળખી શકતું નથી તે ચિત્પર છે અથવા જીવોને એકજ પોતાના ચિત્તમાં ચિન્તન કરવા યોગ્ય છે તે ચિત્પર છે. ૭૩ સૌખ્ય – જીવોને જ્યાપણ સુખ શાન્તિ દેખાય છે તે સર્વના નિધિ છે તે સૌખ્ય છે. ૭૪ હેતૌ - જે જીવોને સર્વપ્રકારના સુખો મળે છે તેના હેતુ છે કારણ કે તે હેતૌ છે. ૭૫ આનન્દ - જેના સ્વરૂપમાં જીવોને મળનારો સર્વપ્રકારનો આનન્દનો વાસ છે અથવા જે સદા સર્વદા આનન્દઘન છે તે આનન્દ છે. ૭૬ વિદ્યાપતિ - સર્વપ્રકારની વિદ્યાઓના જ્ઞાનના પતિ છે નિયતા છે તે વિદ્યાપતિ છે. એવા હે ભગવાન શ્રીસ્વામિનારાયણ આપના ચરણોમાં વંદન છે. (૬)

**જોયાદિદેવ પ્રિયભકત પૂજ્ય પ્રેષ્ઠ પ્રજેશામરવર્ય સર્વા**
**બ્રહ્મગુણાગમ સદર્યનીય પ્રમાણહીનાધિપતે**
**નમોડસ્તુ ॥૭॥**

૭૭ જોય – વેદાદિ સહ્યાત્રોના જ્ઞાનથી જાણવા યોગ્ય જે છે તે એકલાં છે તે જોય છે. ૭૮ આદિદેવ – અનંતકોટી બ્રહ્માડોની ઉત્પતિના પહેલાંથી જે વિદ્યમાન છે તે સૌના પ્રથમથી છે દિવ્ય રૂપે છે તે આદિદેવ છે. ૭૯ પ્રિયભક્ત – જે પોતાના ભક્તોને અતિ પ્રિય છે અને પોતાના ભક્તો જેને અતિપ્રિય છે તે પ્રિય ભક્ત છે. ૮૦ પૂજ્ય - જીવથી લઈને બ્રહ્માંડોના નિયન્તા એવા સૌને પ્રથમ આદરણીય પૂજનીય છે તે પૂજ્ય છે. ૮૧ પૃષ્ઠ – ચેતન માત્રને માટે પ્રિયમાં અતિ પ્રિયત્તમ છે તે શ્રેષ્ઠ છે. ૮૨ પ્રજેશ – શરીર ધારણ કરનારા સર્વના પ્રજા માત્રના ઈશ નિયંતા સ્વામી છે

તે પ્રદેશ છે. ૮૩ અમરવર્ય જે પણ અમર છે મુક્ત છે મૃત્યુથી રહિત છે તે સર્વમાં શ્રેષ્ઠ છે અથવા નિયમુક્તો અને અમરો એટલે દેવતાઓને પણ સદા વરણીય છે ઉપાસનીય છે તે અમરવર્ય છે. ૮૪ સર્વ – જેનો નિવાસ અણું અણુમાં છે તે અને સર્વમાં સર્વત્ર છે સર્વ છે. ૮૫ બ્રહ્મ – જેનામાં અતિમોટા પણું છે તે અર્થાત સૌથી વિશાળ અને મહાન છે તે બ્રહ્મ છે. ૮૬ અગુણ - જેનામાં ક્યારેય કોઈ પણ પ્રકારનો માયિક ગુણ સત્વરજતમ ત્રણેય કાળમાં નથી તે નિર્ગુણ છે તે અગુણ છે. ૮૭. અગમ્ય – કોઈ પણ સાધનથી જેને જાણી કે ઓળખી શકાતા નથી તે કેવળ તેમની જ કૃપાથી જાણી શકાય છે તે અગમ્ય છે. ૮૮ સદર્યનીય – મુમુક્ષુઓને ભક્તોને સત્પુરૂષોને સદા સર્વદા પૂજનીય અર્ચનીય છે તે સદર્શનીય છે. ૮૯ પ્રમાણહીન - જેમના ઐશ્વર્ય નું પ્રતાપનું રૂપ ગુણ અને સ્વભાવ શક્તિ સામર્થ્યનું કોઈ માપ પ્રમાણ જ નથી જે સદા અમાપ છે તે પ્રમાણહીન છે. ૯૦ અધિપતિ – જે નિયન્તાઓના પણ નિયન્તા છે સ્વામીના પણ સ્વામી છે જેમ કોઈ ધનપતિ લક્ષ્મીપતિ ભૂમિપતિ હોય છે તે સર્વના પતિ છે તે અધિપતિ છે. એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપને સદા વંદન છે. (૭)

**સ્વામિન્સપેશામલધામ દેવ જ્ઞાનપ્રદાગોચર સલૂણાપ્ત !**
**સહૂમૂર્તે પુરૂષાપ્તકામ પ્રકાશકકાશવપુર્નમસ્તે ॥૮॥**

૯૧ સ્વામિન – જે સર્વ જીવ માત્રના સ્વામી છે નિયન્તા છે પણ જેનો કોઈ સ્વામી નથી કે નિયન્તા નથી તે સ્વામીન છે. ૯૨ મહેશ – સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર નિયન્તા શાસક છે જે મહાન છે તે મહેશ છે. ૯૩ અમલધામ - જેમનું ધામ નિવાસ સ્થાન સદા અમલ માયાના જે ગુણ મળ દોષ તેનાથી રહિત છે સત્વરજતમથી રહિત છે. તે અમલધામ છે. ૯૪ દેવ – જે સદા દિવ્ય છે તે જેનામાં ક્યારેય કોઈ પણ જાતનું પ્રમાણ માપ નથી તે અઘોર્વે પ્રમાણ રહિત તેજોરાશિ છે તે દેવ છે. ૯૫ જ્ઞાનપ્રદ – જીવોને સર્વ પ્રકારનું જ્ઞાન પોતાના આત્મસ્વરૂપનું પણ જ્ઞાન આપનારા છે તે જ્ઞાનપ્રદ છે. ૯૬ અગોચર – જીવોને પોતાના સાધનો થી કે માયિક એવી જે ઈન્દ્રિયો તેનાથી જાણી કે ઓળખી શકાતા નથી તે અગોચર છે. ૯૭ સલૂણાપ્ત – જેનો આશ્રય કરનારાને શ્રેષ્ઠ ગુણો જે શમદમાદિ કલ્યાણ કરનારા છે તે આપે છે અથવા જે શમદમાદિ સદ્ગુણોથી જ ઓળખી શકાય છે તે સલૂણાપ્ત છે. ૯૮ સહસમૂર્વે - જેઓ એક સાથે હજારો રૂપ ધારણ કરવા સમર્થ છે અથવા જેમની બ્રહ્માંડોમાં હજારો મૂર્તિઓ છે તે સહસ્રમૂર્તે છે. ૯૯ પુરૂષ – જે સદા સર્વદા પોતાના દિવ્ય અક્ષરધામમાં પુરૂષાકૃતિ ધારણ કરીને વિરાજે છે તે પુરૂષ છે. ૧૦૦ આપ્તકામ – જેમને કોઈ પણ પ્રકારની કામના કે ઈચ્છા નથી તે પોતાના જ સ્વરૂપમાં મગ્ન છે તે આપ્તકામ છે. ૧૦૧ પ્રકાશક – અનન્તકોટી બ્રહ્માંડમાં જ્યાં પણ પ્રકાશ છે તેજ છે જ્ઞાન છે અજવાળું છે તે સર્વના આપનારા છે તે પ્રકાશક છે. ૧૦૨ આકાશવપુ - જેમનું શરીર આકાશની જેમ નિર્લેપ છે અથવા જેમના શરીરમાં માયિક પંચમહાભૂતનો લેશ માત્ર નથી એવા હે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના ચરણમાં નમસ્કાર છે. (૮)

**સ્વતંત્ર માયાધિપ સર્વશક્ત સદા પ્રસન્નો ભવ પાહિ ચાસ્માન ! ત્વમેવ સર્વાશ્રયણીય એકસ્તસ્મ મુહુર્તે ભગવન્નમોડસ્તુ ॥૯॥**

૧૦૩ સ્વતંત્ર – ચેતન અચેતન સર્વ જીવથી લઈને અક્ષર પર્યન્ત સર્વ સદા પરતંત્ર છે પણ એક પરમેશ્વર જ પોતાને આધિન છે સ્વતંત્ર છે. ૧૦૪ માયાધિપ – જે જડ અને ચેતનાત્મક માયા છે તે જગતની ઉત્પતિ સ્થિતિ લયનું કારણ તે માયાના નિયન્તા અધિપતિ જે છે તે માયાધિપ છે. ૧૦૫ સર્વશક્તિ – અક્ષરપર્યન્ત સર્વએ શક્તિ સામર્થ્ય સાધને કરીને મેળવેલ છે. સ્વયં તો અશકત છે તે સૌને શક્તિ સામર્થ્ય આપનારા છે તે સર્વશક્તિ છે. ૧૦૬ સર્વાશ્રયણીય – અક્ષર પર્યન્ત સર્વના આશ્રય સ્થાન છે સર્વને આશ્રય આપે છે તે સર્વને આશ્રય કરવા યોગ્ય છે તે સર્વાશ્રયણીય છે. ૧૦૭ એક – અનન્તકોટી બ્રહ્માંડોમાં જેમના સમાન કે જેનાથી અધિક કોઈ નથી એવા જે છે તે એક જ છે. ૧૦૮ ભગવાન – ભગ અર્થાત જેમનામાં જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ ઈચ્છાશક્તિ સદા રહેલાં છે તે જે અનન્તકોટી બ્રહ્માંડોની ઉત્પતિ સ્થિતિ અને લય કરનારા છે તે જીવોને જન્મ મરણ અને ગતિને જાણે છે અને તે ને તે પ્રમાણે આપે છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણ છે એવા હે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ હું વારંવાર સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત નમન વંદન કરૂ છું. (૯)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**કુંડાળ (કડી) (મંદિર - બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે :** કુંડળનો ઈતિહાસ સૌ જાણે છે. આજુબાજુના ગામડાઓમાંથી આવનાર હરિભક્તો ઓળખાણ આપે કે અમે આ ગામના છીએ, અમે પેલા ગામના છીએ. સરવાળે તમે બધા અમારા છો. કારણ કે સિંહાસનમાં બિરાજમાન ભગવાન આપણા સૌના ઈષ્ટદેવ છે અને આપણા બાપ છે અને એના કારણે જ આપણો આ પરિવાર બને છે અને એ ભાવના કાયમ રાખવાની છે. આપણે જો એક બીજાને ન ઓળખીએ કે એક બીજાના ન થઈએ તો કોણ કોનું થશે ?

ઘણા વડીલોને તબિયતનું પૂછો એટલે ઘણીવાર જવાબ મળે કે હવે કાને હંભળાય છે ઓછું.' નિરાંત ! કંઈ સાંભળવા જેવું નથી. ઓછું સંભળાય તો સુખી ! કહેવત છે ને કે જોયાનું ઝેર છે. સાંભળ્યાનું ઝેર છે ! કહેવત અથવા લોક વાયકા એ પેઢી દર પેઢીની પરંપરાના અનુભવથી બની હોય છે. મહારાજે આપણને વિવેક બુદ્ધિ રાખવાનું શીખવાડ્યું છે. શું જોવું ? શું ન જોવું ? શું સાંભળવું ? શું ન સાંભળવું ? નથી શીખવાડ્યું ? ચકલીએ પાણી ગરણા તો પછી આવ્યા. એ પહેલા ઘણી બધી જગ્યાએ ગાળવાનું આવ્યું છે. સુખી કે બુદ્ધિવાળો કોને કહેવો ? જે માણસ પાસે વિવેકબુદ્ધિ હોય. **વિવેકબુદ્ધિ એટલે શું ? તો જે ગાળીને જુએ છે, ગાળીને સાંભળે છે, ગાળીને ચાલે છે અને વિચાર પણ ગાળીને કરે છે. વાત બહુ ઉંચી અને સુક્ષ્મ છે. પરંતુ આ હકીકતની વાત છે.** તમને સૌને અનુભવ હશે જ, સૌ Smart (ચાલાક) છે. કેટલા વિચાર આવે છે ? ક્યાં ક્યાં સુધી ફરી આવ્યા હશો ! શું શું દુનિયા બદલાઈ ગઈ ? રહે છે કાબુમાં ? પરંતુ પ્રયત્ન તો શક્ય છે ને ! જ્યાં છીએ ત્યાં રહીને પ્રયત્ન કરતા કરતા ક્યાંક આગળ ભલે પૂર્ણકામ ન થવાય પરંતુ પ્રગતિ તો જરૂર થશે. પ્રયત્ન મૂકવાનો નથી. મહારાજે કહ્યું ને કે કાયર થઈને મુકી ન દેવું.

અમારી ભલામણ માનીને મંદિરના પગથિયા ઓછા રાખ્યા છે. વડીલ માતાઓ-બહેનોને તકલીફ ન પડે. મહારાજે આપણને શીખવાડ્યું છે. ભલે ભજન કરવું કઠણ હોય પરંતુ સુવિધા કરવી જરૂરી છે. હું ઘણીવાર કહું છું કે ભાવિ પેઢીને મંદિરના પગથિયા ચડાવવા હશે તો Concept (વિચારધારા) બદલવી પડશે. ભાવિ પેઢી કેવી રીતે ભગવાન સન્મુખ થાય, તેઓ માટે સંસ્કારનું વાતાવરણ કેવી રીતે ઉભું થઈ શકે એ એક ગંભીર સમસ્યા છે. તમને જ એનો જવાબ પૂછવામાં આવે તો તમે પણ ટેન્શનમાં આવી જાવ. આપણે સૌએ ભેગા મળીને સમાધાન લાવવાનું છે. મા-બાપ હોય એ દીકરા-દીકરીઓના ધારો કે લગ્ન કરાવી આપે તો પણ પૂર્ણાહુતિ થતી નથી. બીજી ઉપાધિ તો ઉભી જ છે. ચિંતામુક્ત કોણ છે ? બધાને ચિંતામુક્ત થવું છે પણ થવાતું નથી. દોડા દોડી કરીને થાકીને પથારીમાં પડે, પગ હલાવ્યા વિના ઉંઘ આવી જાય અને સવારે એજ દશામાં ઉઠી જાય પછી કહે, હાશ ! આજે તો બહુ દહાડે સરસ ઉંઘ આવી ! આવી ઉંઘ રોજ આવે તો ! મજૂરી તો એની જ છે ને ત્યારે ! એટલે વિચાર એ કરવો કે **માત્ર મંદિરથી જવાબદારી પૂર્ણ થતી નથી.** નરનારાયણદેવના દર્શન કરવા ગયા છો ને ? માત્ર પ્રદક્ષિણા છે ? કે પ્રદક્ષિણામાં ઓટલા (બેઠક) પણ છે ?

ઓટલા પર બેસીને બે વડીલ ગપાટે ચડ્યા હોય એવું લાગે કે એને અને અક્ષરધામને વેંતનું જ છેટું છે ! ભગવાનના સાંનિધ્યમાં બેઠા એ મહત્વનું છે.

મંદિરમાં રમવાનું, જમવાનું, પહેલા ક્યાં હતું આવું ? હાલમાં જલસો કરવાનો છે. પરંતુ ભગવાનને મૂકીને નહી ઘરમાં પણ એ જ વાતાવરણ સર્જો. હમણા એક ગામમાં એક વડીલ નાના છોકરાને સભામાં બેસાડવા માટે જોરાવરીથી ખોળામાં બેસાડતા હતા. મેં કહ્યું વાંધો નહી. મુકી આવો એના મમ્મી પાસે ઘેર. બિચારાને શ્વાસ તો લેવા દો. શા માટે એના વિચારોની હત્યા કરવી ? ઘણા નાના છોકરા ને મંદિરે લઈને આવે, પછી છોકરાનું ડોકું વાંકું વળાવીને પગે લાગ, પગે લાગ એમ કહીને જબરદસ્તીથી પગે લગાડે. શા માટે ? **મંદિરમાં બાળકને મોકળાશ આપો.** થોડું મોટું થવા દો. સમજણ આવશે એટલે એની મેળે બધું કરશે. એક જગ્યાએ વડીલો નાના છોકરાને કંઠી પહેરાવા લાવતા હતા તેમાં એક છોકરું કહે, મારે નથી પહેરવી કંઠી. હું તે છોકરા ઉપર બહુ રાજી થયો. મેં સભામાં કહ્યું પણ ખરું કે મને તે છોકરા પ્રત્યે માન થયું. શા માટે ? મને વિશ્વાસ છે કે તે છોકરો કોઈક દિવસ જરૂર કંઠી પહેરશે. હાલમાં તેનો પોતાનો નિર્ણય કંઠી ન પહેરવાનો છે તો ભવિષ્યમાં પોતે જ સ્વતંત્ર નિર્ણય કરીને મંદિરમાં આવશે અને કંઠી પહેરશે તેમજ કાયમ પહેરી રાખશે. અને જે પહેરીને ગયા છે તેનો પણ મને વિશ્વાસ છે કે કંઠી કાઢીને ખીંટીએ ટીંગાડી દેશે. કેમ કે પોતાનો નિર્ણય ન હોતો વડીલોએ પરાણે કંઠી પહેરાવી હતી. આ બહું સાચી વાત છે. **મહારાજે માણસોને સ્વતંત્રતા આપી છે. આપણે નથી આપી શકતા.**

વચનામૃતનો ગ્રંથ પ્રશ્નોત્તરી ઉપર છે ને ? મહારાજ સંતો ભક્તોને સામેથી કહેતા. પ્રશ્ન કરો. હવે વર્તમાન કાળે ધારો કે તમે મને પ્રશ્ન કરો તો હું તો ઠીક છે તમને જવાબ આપી દઉં. પરંતુ મારી જગ્યાએ બીજા કોઈ હોય તો કદાચ એવું પણ બને કે ડાબા હાથનો શાપ આપે કે નરકમાં જશો આવો પ્રશ્ન પૂછાય ? મૂળ મારી પાસે તેનો જવાબ નથી એમ કોઈ ન કહે. **મહારાજે આપણને સંપ્રદાયનો મૂળ સિદ્ધાંત પ્રશ્નોત્તરીનો આપ્યો છે.** મહારાજ કહે એટલે સંતો-ભક્તો મર્યાદા રાખીને પ્રથમ તો સરળ સરળ પ્રશ્નો કરે. ત્યારે મહારાજ કહેતા સીધા સીધા નહી. Complicated (ગૂંચવણ ભર્યા) પ્રશ્નો કરો. મહારાજે અડધી રાત્રે સંતો-હરિભક્તોને જગાડ્યા છે અને સભા કરી છે. સંપ્રદાયની નીડ ત્યાં છે. છોકરાઓ બાપાને કે દાદાને પ્રથમ Scaning (બારીકાઈથી ઝીણવટપૂર્વક જોવું) કરે છે પછી નિર્ણય કરે છે. હું સાચી જગ્યાએ છું કે ખોટી જગ્યાએ ભટકાણો છું ? તેને સાચી જગ્યા લાગે એવું વાતાવરણ આપણે આપવું પડશે, એવી જગ્યા આપણે કરવાની છે. સંપ્રદાયનો અને શાસ્ત્રનો આ જ સિદ્ધાંત છે. **છોકરાઓ આંગળી મુકીને શોધે અને પછી અહીં ક્યાં હું ભટકાણો ? એવું ન થાય એવું વાતાવરણ તેને મળે ત્યારે આપણો સત્સંગ ઉગ્યો છે એવું માનવું.**

આ ગામ ઐતિહાસિક અને પ્રસાદીનું છે. ઈતિહાસ તમે સૌ જાણો છો. સંતોએ કલા ભગતની વાત ઘણી વાર કહી હશે. વાત ટૂંકમાં - કલા ભગતનું પોતાનું માલિકીનું ખેતર પચાવી પાડવા માટે પ્રતિપક્ષીએ સરકારી કચેરીમાં લાંચના માધ્યમથી અધિકારીઓને ફોડીને સત્યનું પારખું કરવાના તરકટ સ્વરૂપે લોખંડનો ગોળો લાલ ચોળ તપાવીને કલા ભકતને પ્રેરીને હાથમાં ઉપડાવ્યો. કલા ભગત શ્રીહરિને સંભારીને તપાવેલો ગોળો હાથમાં લઈને પોતાના ખેતરના શેઢે શેઢે જ ચાલ્યા. છેલ્લે નીચે પડતો મૂક્યો ત્યારે સૂકું ઘાસ સળગ્યું પરંતુ કલા ભગતના હાથ દાઝ્યા નહી, મહારાજે કસોટીમાંથી પાર ઉતારી પોતાના ભક્તની રક્ષા કરી અને લાજ વધારી) આ લોખંડનો ગોળો હાલ પણ મ્યુઝિયમમાં (હોલ નં. ૭) છે. તમારે ત્યાં આ ગામમાં ઈતિહાસ રચાવાનું મૂળ જમીનમાં - જગ્યામાં હતું. આ વાત આજ સુધી પણ એવી જ લાગુ પડે છે. જજ આપણી સભામાં જ બેઠા છે. પૂછો એમને કેટલા ટકા ઝઘડા ખેતરોના, દિવાલોના કે જગ્યાઓ દબાવી તેના હોય છે ? કલા ભગતે ધગધગતો ગોળો હાથમાં લીધો ત્યારે સામાવાળા ટેન્શનમાં આવી ગયા કે પાંચ ડગલા આપણા ખેતરમાં ચાલશે તો એટલું આપણું પણ જતું રહેશે. પરંતુ ભગવાનના ભક્તના લક્ષણ શું ? બીજે પગ ન પડે. **હકથી વધારે ન જોઈએ. આ માણસાઈ છે.** તિલક-ચાંદલા કંઠી પછી આવ્યું છે. પ્રથમ માણસાઈ આવી છે. મહારાજ સત્સંગમાં પધાર્યા ત્યાર પછી ૨૫ વર્ષે શિક્ષાપત્રી આવી, એ પહેલા માણસાઈ તો હતી જ એટલે **સંપ્રદાયના મૂળમાં માણસાઈ રહેલી છે.** કલા ભગત

સામાવાળાના ખેતરમાં ફેરો મારી આવ્યા હોત તો કોઈ એને હલાવી ના શકત. પરંતુ **ભક્તની ચરમ સીમા એ હોય છે કે પોતાને કોઈ ચિંતા નથી હોતી. ભગવાન પોતાના ભક્તને ખેતરો, મકાન, દુકાન, અન્ન, ધન, વસ્ત્ર બધુ આપે જ છે.** આ દાખલો આપણા માટે છે. પૂર્ણાનંદ સ્વામી હોય, બ્રહ્માનંદ સ્વામી હોય, નિત્યાનંદ સ્વામી હોય કે દાદા ખાચરના ઈતિહાસો હોય કે કથા હોય એ બધું આપણા માટે છે એવું જો મનાય જાય અને પછી જો ઝઘડા થાય તો કહેજો. મને આ વાત ગમે છે. તમારા જ ગામના ઈતિહાસમાં ભક્તના લક્ષણ દેખાડ્યા છે. તેનું બીજ બળ રાખજો અને પરંપરામાં એ વારસો આપશો. વાતાવરણ મળશે તો ઘણું થઈ ગયું.

મંદિર સરસ થયું. જુની મૂર્તિ સાઈડમાં છે અમે દર્શન પૂજન જૂની મૂર્તિનું કર્યું ત્યારે તાળીઓ વધારે પડી, જેઓ હાજર હતા તેઓને ખ્યાલ છે. જૂની મૂર્તિને સિંહાસનમાં જ ફીટ કરીશું. **આ મૂર્તિની કિંમત અબજોમાં પણ માંડી શકાતી નથી. કોઈની માણસાઈ ખરીદી શકાય. ભલભલા વેચાય જાય. ભગવાનને પણ ખરીદી લે લોકો. મેલોને ! પણ અમુક વસ્તુ ખરીદી શકાતી નથી. ભગવાન એટલે તમે કે આપણે માન્યા હોય તેની વાત છે. હોય તેની વાત છે. ઓરીજીનલ ભગવાનને કોઈ ખરીદી શકશે નહી.** સાઈડમાં હોય તો અડધા આમ જાય અને અડધા તેમ જાય અને છેલ્લે ભટકાય. હસો છો એટલે અનુભવ લાગે છે. આપણે બે બાજુ ફ્રેમીંગ કરી દઈશું. દુવિધા હોય તો સુવિધા ટળે એવું માનું છું. સુવિધા આપો તો દુવિધા ટળે. સુવિધાનું સ્થાન છે આ મંદિરમાં કેટલીયે માળા અને ભજન કર્યું છે વડીલોએ ત્યારે આ મળ્યું છે અને એ જરૂરી છે. બહેનોની સંખ્યા ભાઈઓ કરતા ત્રણ ઘણી છે. સત્સંગ ત્યાંથી જ આવે છે. કલા ભગત પણ કોઈકના ખોળામાં બેઠા હશે ને ! ખાલી ધર્મદેવ હોય અને ભક્તિમાતા ન હોય તો શું થાય ? માટે જ સિંહાસનમાં બન્નને બિરાજમાન કર્યા છે.

માણસ રહીએ તો બહુ છે. બધું સહેલુ છે. નેતા બનવું, અભિનેતા બનવું, ગુરુ બનવું કે ચેલો બનવું, કહેવાય તેવું બનવું કે ન કહેવાય તેવું બનવું બધું બની શકાય છે. પરંતુ માણસ થવાય છે ? છેડો ત્યાં છે અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**કડી નૂતન મંદિર લાભાર્થે આયોજીત કથા પ્રસંગે :** મારે વારંવાર કડીમાં આવવાનું થાય છે. છૂટકો નથી. **અને આપણે બધાને ભગવાન વિના છૂટકો નથી.** કડી આ વિસ્તારનું મથક છે. મંદિર માટે જે રકમ આવી છે એ ભલે લાગે નાની. પરંતુ નાની નથી. આવક પ્રમાણે Ratio (ગુણોત્તર) કાઢો તો જે રકમ લખાવી છે એ બહુ મોટી છે. **તમે એક એક રૂપિયો પરસેવો પાડીને બીજાને ભગવાન ઓળખાય, સુવિધા મળે તેવા વિચારથી પ્રેરાઈને મંદિર માટે આપો છો તેનાથી દુનિયામાં બીજો કોઈ ઉચ્ચ વિચાર ન હોઈ શકે.** કોઈકના માટે કરવું, પોતાના માટે તો સહુ કરે. અહીં ભગવાન માટે નથી થતું કે પોતાના માટે નથી થતું. પરંતુ કોઈક આવીને મંદિરમાં દર્શન કરશે, ભગવાન મળશે. સંસ્કારોની જાળવણી થશે તેવા શુભ વિચારથી પ્રેરાઈને તમે યોગદાન આપો છો. રકમ મોટી નથી કે નાની પણ નથી પરંતુ કડી પ્રમાણે તો ઓછા કહેવાય. મંદિર ભગવાન કરશે અને કરે છે. હું કે તમે નથી કરી શકતા. તન, ધન, સમયની સેવા સૌએ કરી છે. નિમિત્ત કથાનું છે. કથા કોણે કરાવી ? એક બહેને કરાવી છે અને સંપ્રદાયમાં કાયમ સત્સંગ ટકી રહ્યો હોય તો એની પાછળનું કારણ એ છે કે દીકરીઓ સત્સંગ લઈને જે ગામમાં ગઈ ત્યાં મંદિર થાય છે. સંપ્રદાયમાં ૯૦% મંદિરો નિર્માણ થવા પાછળનું કારણ પાછળ બેઠેલા બહેનો છે. ખૂબ ખૂબ ધન્યવાદ. કથાનો સંકલ્પ થયો તો આપણે ભેગા થયા. નાનું મોટું યોગદાન આપ્યું. સંકલ્પ અઘરો છે. વિચાર તો ઘણાને ઘણા આવે, આમ થવું જોઈએ, તેમ થવું જોઈએ. પરંતુ કંઈ થઈ શકતું નથી. એ બહેનને ધન્યવાદ. ખમતીધર કહેવાય કે કરી દેખાડ્યું. **સત્સંગ જળવાય રહે એના માટે મંદિરો છે. મંદિરને ઉપાડીને કોઈ લઈ જવાનું નથી. મંદિરનો તમે જેટલો ઉપયાગ કરશો એટલો ફાયદો તમને થવાનો છે.** મંદિરથી ભગવાન નાના કે મોટા થાય છે ? હોય એના કરતા વીસ ઘણા ભક્તો દર્શન કરવા આવે તો ભગવાન મોટા થઈ ગયા ? અથવા તો ઘટીને બે જ ભક્તો દર્શન કરવા આવે તેનાથી ભગવાન નાના થઈ ગયા ? ભગવાન તો ભગવાન જ રહે છે. **ભગવાન સાથે જોડાવાથી મોટપ આપણી વધે છે. એટલે જ ગાયુ છે કે હરિ ભજતા સહુ મોટપ પામે.** વચનામૃતમાં સ્પષ્ટ લખેલું છે કે અનંત લોકો અમારી સામે હાથ જોડીને ઉભા રહે પછી એ રાજાઓ હોય, મહારાજાઓ હોય કે દેવતાઓ હોય તેનાથી અમારી મોટાઈ વધી જતી નથી.

લોકો ડાયરામાં કે મહેફિલમાં કેટલા પૈસા ઉડાડી નાખતા હોય છે. આપણે તો મંદિરમાં ભગવાન બિરાજમાન કરવાના છે. નથી કરવો ડાયરો કે નથી કરવી મહેફિલ. મને તો ડાયરાનો અનુભવ નથી. પરંતુ એક Clip સહેજ જોયેલી તેમાં લોકો નોટો ઉડાડતા હોય છે તેમાં કોઈનું સન્માન થાય છે કે અપમાન થાય છે. ખબર નથી. કારણ કે ત્યાં જ પાછા કહેનારા કહેતા હોય છે અને માનતા પણ હોય છે કે પૈસા એ લક્ષ્મીનું સ્વરૂપ છે. પરંતુ કહેવાનો આશય એટલો છે કે ત્યાં પણ આટલું થતું હોય છે તો આપણે તો દરેક ૧ મહિનાનું મોબાઈલનું રીચાર્જ મુકશો તો પણ મંદિર થઈ જશે. હકીકત છે કે નહિ ? વધારે નથી જોઈતું અને તેમાં પણ મોબાઈલ મુકે તો વસ્તુ જુદી જ થાય ! પૈસાની કિંમત નથી, જોડાવાની કિંમત છે. મહારાજે નહોતુ લીધું ? મંદિર બનાવવા માટે શું ભગવાન સક્ષમ નહોતા ? નંદ સંતોને સોનાનું મંદિર કાઢીને દેખાડ્યું છે. પથરાના મંદિરને શું કરવા છે ? તો પણ મહારાજે સોનાના મંદિર રાખ્યા નથી. પથ્થરના જ મંદિર કરાવ્યા છે. શા માટે ? એક એકનુ યોગદાન ભેગું કર્યું ? પગથિયા ચડે એટલે એમ લાગે કે આમાં મારું પણ યોગદાન છે. આ મારું મંદિર છે.

અહીં લગભગ કોઈ ભાગના મકાનમાં રહેતું નથી, ભગવાનની કૃપા છે. સિવાય કે અમુક રહે છે. હું જાણું છું પરંતુ ભાડાનું મકાન હોય અને ચૂનો કરવો હોય તો દશ વખત વિચાર કરે ને ! બલ્બ ઉડી ગયો હોય અને હોલ્ડર લટકતું હોય તો બલ્બ બદલાવી નાંખશે. હોલ્ડર ભલે લટકે કારણકે એ ભાડાનું છે. પોતાનું નથી. અને એ જ મકાન પોતાનું હોય અને ખૂણામાં ક્યાંક એક તિરાડ ઝીણી પણ જોવામાં આવે તો સહન કરીએ ? સહન ખરો તમે ? ઈલેક્ટ્રીક પ્લેટનો ખૂણો તૂટી ગયો હોય તો ફેવિકવિક લાવીને પણ છેવટે ચોટાડી દઈએ. આવું કેમ ? મારું છે. માટે બસ આ જ સમજવાનું છે. **સિંધ્ધાંત એજ છે કે સત્સંગમાં જ્યારે આ ભગવાન, આ સંતો, આ હરિભક્તો, આ મંદિર (આ આચાર્યશ્રી સહિત ધર્મકુળ) મારું છે. એવું મનાશે. ત્યારે બધી કથા જીવનમાં ઉતરી ગઈ એમ માનવું.** ‘‘આ કચરો મુકીને ગયો છે. મંદિર છે એનુંય ભાન નથી.’’ એવુંય કહેનારા હોય છે. પણ બોલ્યા વિના તું જ કચરો ઉપાડી લઈને ડસ્ટબીનમાં નાંખી આવને **પોતાપણું જાણ્યું હોય. મારા પણું મનાયું હોય તો બધું કામ થઈ શકે છે.**

જગતમાં નથી જોતા આપણે ? સગા સંબંધી જોડે કાયમ અબોલા હોય, જો કે આવું રાખતા નહી. ભેગા થઈ જજો. એ પણ એક સંસ્કાર છે. પરંતુ કદાચ આખી જીંદગી બોલ્યા ન હોય અને એવો સમય આવે, જ્યાં કંઈક એવી વિપરીત પરિસ્થિતિ ઉભી થાય તો છેડો શું આવે છે ? ગમે તેમ તોય આપણું લોહી છે ને ! આટલું જ યાદ રાખવાનું છે. **રૂપિયા આમ નહી તો આમ કોઈક લઈ જશે, નહી કામ લાગે. બે જણાને ભગવાન ઓળખાશે. માણસાઈ આવશે તો આપણું કામ થઈ જશે. એટલા માટે જ આ મંદિરો થાય છે. પેટે પાટા બાંધીને જેઓએ આપ્યું છે તેની ભગવાન નોંધ લે છે એ હકીકત છે.** મારે આંકડા જોવા કે જાણવા નથી. મારે તો મંદિર જોવું છે અને તે મંદિરમાં બિરાજમાન ભગવાન જોવા છે. એના માટે હળવા મુડમાં કહું છું કે જેઓનું યોગદાન બાકી હોય અને ઈચ્છા થતી હોય તો Ratio ધ્યાનમાં રાખીને લખાવી દેશો. આપ સૌ આપી જ રહ્યા છો બાકી કઠણ છે. પરંતુ મજા એની છે કે તમારી ભાવિ પેઢીના સંતાન મંદિરમાં ભગવાનના સાનિધ્યમાં રમીને મોટા થાય. હારની ઈચ્છા હોય તો અમે તમને હાર કે માળા પહેરાવી દઈશું. (સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો મુજબ નિર્માણાધિન મંદિરોમાં અપાયેલા યોગદાનની શું મહત્તા છે તેની સૂઝ અને સાચી સમજણ પ.પૂ. મહારાજશ્રીના આ આશીર્વચનમાંથી આપણને સૌને જાણવા મળે છે.)

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

# www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

# વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી



- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)

પરમ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી જેમનું આપણા સંપ્રદાયના શાસ્ત્રોમાં અદ્વિતિય યોગદાન રહેલ છે. તેમનું મૂળ નામ લાલજી હતું. તેમનો જન્મ સોરઠ પ્રદેશના હાલાર પંથકના શેખપાટ નામના ગામમાં સંવત ૧૮૨૨ ના મહા સુદી પાંચમના શુભ દિને ગુર્જર સુતાર જ્ઞાતિમાં થયો હતો.

તેમના પિતાનું નામ રામભાઈ અને માતાનું નામ અમૃતબા હતું. લાલજીની ઈચ્છા ન હોવા છતાં પણ રિવાજ મુજબ બાલ્યવયમાં જ પિતાએ આગ્રહથી પરણાવ્યા હતા. તેમના પત્નીનું નામ કંકુબા હતું. તેમને બે દીકરા હતા. મોટા પુત્ર માધવજીનો જન્મ સંવત ૧૮૫૬ માં જ્યારે નાના પુત્ર કાનજીનો જન્મ સંવત ૧૮૫૯ માં થયો હતો.

તેઓને શ્રીહરિ વર્ણીન્દ્ર વેષે લોજ ગામે મળ્યા હતા. સમાધિ, ગોલોકાદિ ધામનાં દર્શન વિગેરે અલૌકિક અને અદ્‌ભુત ઐશ્વર્ય વર્ણીન્દ્ર દર્શાવવા લાગવાથી પોતાના ગુરુ રામાનંદ સ્વામી કરતાં વર્ણીનો મહિમા વધી જાય તે ન ગમવાથી ગુરુ પાસે તત્કાળ ભૂજ જઈને બધી વાત કરતાં રામાનંદ સ્વામીએ વર્ણીને શ્રીકૃષ્ણના અવતારરુપ ગણવાની હકીકત સમજાવી.

ગુરુની આજ્ઞા થવાથી વર્ણીન્દ્રને પાછા લોજમાં આવીને પ્રેમાશ્રુ સાથે દંડવત્ પ્રણામ કર્યા. આથી પ્રસન્ન થયેલા વર્ણીએ વરદાન આપ્યું કે ''તમો વૈરાગ્યમાં શુકજી સમાન થશો.'' કેટલોક સમય વિત્યા બાદ શ્રીહરિએ સંવત ૧૮૬૦ ના મહા સુદ પંચમીએ શેખપાટમાં વસંતોત્સવ કરીને આધોઈ મુકામે લાલજી સુતારને શ્રીહરિએ સ્વયં ગુરુમંત્ર દીક્ષા આપી ''નિષ્કુળાનંદ'' એવું રમણીય નામ ધરાવ્યું. એ જ આધોઈ ગામમાં મુમુક્ષુઓને ઉપયોગી ઉપદેશ આપતા રહેવાનું કહીને તેમને ''યમદંડ'' નામનો ગ્રંથ રચવાની આજ્ઞા આપી. પછી શ્રીહરિ એકલા જ ભૂજ નગર પધાર્યા.

શ્રીહરિની આજ્ઞાથી પહેલવહેલો યમદંડ ગ્રંથ લખીને શ્રીહરિને વાંચી સંભળાવતાં અતિ પ્રસન્ન થઈ સ્વામીની ઉત્તમ કવિત્વશક્તિ જાણીને બીજા ગ્રંથો કરવાની આજ્ઞા આપી હતી. તેમણે ૨૩ ગ્રંથોની રચના કરેલી જે આ મુજબ છે. (૧) યમદંડ (૨) ભક્તચિંતામણી (૩) સારસિધ્ધિ (૪) વચનવિધિ (૫) હરિ બલગીતા (૬) ધીરજાખ્યાન (૭) સ્નેહગીતા (૮) પુરુષોત્તમ પ્રકાશ (૯) ભક્તિનિધિ (૧૦) હૃદયપ્રકાશ (૧૧) કલ્યાણનિર્ણય (૧૨) મન ગંજન (૧૩) ચોસઠપદી (૧૪) હરિવિચરણ (૧૫) હરિસ્મૃતિ (૧૬) અરજીવિનય (૧૭) અવતાર ચિંતામણી (૧૮) ચિન્હ ચિંતામણી (૧૯) પુષ્પ ચિંતામણી (૨૦) લગ્ન શકુનાવલિ (૨૧) વૃત્તિવિવાહ (૨૨) ગુણગ્રાહક (૨૩) શિક્ષાપત્રી પદ્યરૂપા.

તેઓએ ત્રણ હજાર જેટલાં કીર્તન પણ રચેલાં છે. સ્વામીમાં શ્રીહરિ પ્રત્યેનો દાસત્વ ભાવ અદ્‌ભુત હતો. ત્યાગ અને વૈરાગ્યની તેઓ જાણે સાક્ષાત મૂર્તિ હતા. તેમનામાં વિશુદ્ધ વિરક્તવૃત્તિ અને તીવ્ર તપ-ત્યાગવૃત્તિને લીધે સંપ્રદાયમાં તેમની ઓળખ વૈરાગ્યમૂર્તિ, તપોમૂર્તિ, ત્યાગમૂર્તિ તરીકે થઈ હતી.

તેઓએ પોતાના જીવનનો પાછળનો ભાગ ઘણું ખરું ધોલેરામાં જ વિતાવ્યો હતો. આ પવિત્ર ભૂમિ ઉપર તેમણે ૮૨ વર્ષ દેહ રાખ્યો હતો. તેઓ ગૌરવર્ણ ધરાવતા, ઉન્નત અને કૃશ હોવા છતાં તેજસ્વી અને સૌમ્ય હતા. સાધુ દીક્ષા લીધા પછી અક્ષરવાસ સુધી ગ્રંથો અને કીર્તનો જ કર્યા કરતા હતા. સંવત ૧૯૦૨ માં છેલ્લે ગ્રંથ ''ભક્તિનિધિ'' કરેલો. તેઓ સાદુ, સાત્વિક, તપ, ત્યાગ, વૈરાગ્ય વિગેરે સદ્‌ગુણો વાળું જીવન વ્યતિત કરી ધોલેરા ધામમાં જ સંવત ૧૯૦૪ માં અક્ષરવાસ લીધેલો.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



સર્વાવતારી ભગવાન શ્રીહરિએ સ્વયં સં. ૧૮૮૨ ના કારતક સુદ-૧૧ ના દિવસે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધર્મવંશી આચાર્ય પદનું સ્થાપન વડતાલમાં કર્યું અને તે અંગેનો જરૂરી લેખ સાક્ષીઓની સહી-સંમતિ સહિતનો, સં. ૧૮૮૩ ના માગશર સુદ-૧૫ ના રોજ ગઢડામાં એભલખાચરના દરબારમાં સ.ગુ. શુકમુનિ પાસે લખાવડાવ્યો. આચાર્યપદના આ સ્થાપનથી હવે પછીના અનંતકાળ સુધી અક્ષરધામમાં જાવાની વાટ સુગમ કરી.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશ ૩૭ પ્રકારમાં શ્રીહરિના શબ્દોને વર્ણવતા લખે છે તેમ,

**એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ, જીવનું સુજાણ રે ।**
**માનો મોક્ષનો એ છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે ॥**

અમદાવાદ - શ્રી નરનારાયણદેવ દેશ અને વડતાલ લક્ષ્મીનારાયણ દેવ દેશની ગાદી પીઠસ્થાન ઉપર અનુક્રમે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને પદારૂઢ કર્યા. પોતાના સ્થાન ઉપર તેમને બેસાડી ત્યાગી-ગૃહી સર્વેના ગુરુ કર્યા અને તેમનું અર્ચન-પૂજન કર્યું.

શ્રી નરનારાયણદેવના મંદિરમાં પ્રસાદીના સભામંડપમાં સૌ પ્રથમ વાર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી વિરાજમાન થયેલા તે પાટ પ.પૂ. મોટા મહારાજશ્રીએ અતિ કૃપા કરી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તોના દર્શનાર્થે પધરાવી છે. આ એજ પાટ છે જેના ઉપર બેસી આદિ આચાર્યશ્રીએ અનેક વર્ષો સુધી સત્સંગ ઉત્કર્ષના કાર્યો કર્યા છે, અનેક નંદ સંતોએ પણ આ પાટ ઉપર બિરાજીત આચાર્યશ્રીના દર્શન-સ્પર્શ કર્યા છે, અનેક હરિભક્તોને અહીં બેસીને જ આશીર્વાદની અમૃતધારાઓ વરસાવી તેમના દુઃખ હર્યા છે. આ જ પાટ ઉપર બેસીને આચાર્યશ્રીએ સત્સંગના શુધ્ધ જ્ઞાનને ઉજાગર કર્યું છે.

શ્રીહરિ આ બ્રહ્માંડમાં આ વખતે પહેલી જ વાર પધાર્યા છે, અને તેમાંય આ ગાદીનું સ્થાપન અહીં કર્યું આ આચાર્યશ્રી પણ સૌ પ્રથમ વખત આ પાટ ઉપર બિરાજ્યા છે તેથી આ પાટની તુલના આખા બ્રહ્માંડમાં કોઈની સાથે થઈ શકે તેમ નથી. આવી આ મહાપ્રસાદીની પાટના દર્શન આપણને થાય છે તેના જેવો મોટો કોઈ લાભ નથી તેના મહિમાપૂર્વક દર્શન કરતાં જ હજુ આજે પણ આચાર્ય મહારાજશ્રી તેની ઉપર બેસીને આપણને આશીર્વાદ આપતાં અનુભવાય છે.

આ પ્રસાદીની પાટ સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૧૧ ખંડમાં દર્શનાર્થે પધરાવવામાં આવી છે. સૌ હરિભક્તો મહિમાપૂર્વક અચૂકપણે તેના દર્શન કરજ્યો.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી વિષ્ણુયાગ યજ્ઞના યજમાનની યાદી ઓગસ્ટ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૧૬-૦૮-૨૦૧૯ | ભીખાભાઈ જોઈતારામભાઈ પટેલ - નારણપુરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | મોદી અમૃતલાલ મથુરદાસ - સંકલ્પ પુરો થયો તે નિમિત્તે - હ. ભરતભાઈ મોદી - સાબરમતી. |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ઓગસ્ટ-૧૯

| | |
|---|---|
| તા. ૦૨-૦૮-૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના હવેલીના બહેનો તરફથી સમૂહ મહાપૂજા |
| તા. ૦૪-૦૮-૧૯ | (સવારે) શ્રી ભક્તિ મહિલા મંડળ - અમરેલી-સુરત<br>(સાંજે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - સાબરમતી, પોર, ઝુંડાલ, વાવોલ, અંબાપુર, ધમાસણા - હસ્તે અર્ચનાબેન સુમનભાઈ પટેલ |
| તા. ૧૦-૦૮-૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરેન્ટો - કેનેડા ૧૧ મા પાટોત્સવ નિમિત્તે |
| તા. ૧૧-૦૮-૧૯ | નિલાબેન મનહરભાઈ પાટડીયા - નારણપુરા |
| તા. ૧૭-૦૮-૧૯ | રાજુભાઈ લલીતભાઈ ઠક્કર - વાસણા - પૌત્રીના જન્મ દિવસ નિમિત્તે |
| તા. ૧૮-૦૮-૧૯ | (સવારે) સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત સમૂહ મહાપૂજા<br>(સાંજે) શ્રી સ્વામિનારાયણ મંદિર દરબારગઢ (બહેનોનું) મોરબી - હ. સાં.યો. રાજકુવરબા તથા સાં.યો. ઉષાબા |
| તા. ૨૫-૦૮-૧૯ | ભરતભાઈ બાબુભાઈ પટેલ - નવા નરોડા |
| તા. ૨૮-૦૮-૧૯ | મગનભાઈ ધરમદાસ પટેલ - ડાંગરવાવાળા |
| તા. ૩૦-૦૮-૧૯ | દક્ષાબેન સંજયભાઈ સોની - આંબલી |

**ધનતેરશ તા. ૨૫-૧૦-૨૦૧૯ શુક્રવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે લક્ષ્મીપૂજન સંપન્ન થશે.
પાંચ, દશ અને વીસ ગ્રામના પ્રસાદીના સિક્કા મ્યુઝિયમમાંથી મળશે.

**કાળી ચૌદશ તા. ૨૬-૧૦-૨૦૧૯ શનિવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમમાં પધરાવેલ પ્રસાદીના શ્રી હનુમાનજીનું વિશેષ પૂજન તા. ૨૬-૧૦-૨૦૧૯ શનિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સંપન્ન થશે.

સંપર્ક : સ્વામિનારાયણ મ્યુઝિયમ : ૦૭૯-૨૭૪૮૯૫૯૭
દાસભાઈ : ૯૯૨૫૦૪૨૬૮૬ ● જસુભાઈ : ૯૯૨૪૦૯૦૫૬૬

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### વાંચવા જેવી વાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આ છે જીંદગીનું સમર્પણ, આ છે કુરબાની. આવા સમર્પણ અને કુરબાનીની શક્તિ ઉપર ધર્મની ધજાઓ લહેરાય છે. ત્યારે તેનું ગૌરવ જાળવવું એ આપણું કર્તવ્ય બને છે. વાંચીએ એક સત્ય ઘટના. પ્રસંગ બન્યો છે અમદાવાદમાં.

સ્વામિનારાયણ ભગવાનના વચને કેટલાક સંતો ગોમતીપુરમાં ભિક્ષા માંગવા ફરતા હતા. એમાં યોગેશ્વરાનંદ સ્વામી થોડાક વૃધ્ધ હતા અને બીજા બે-ત્રણ સંતો. ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ.''

બરાબર આ જ સમયે અસુરોનું મોટું ટોળું, તેણે ગોમતીપુરમાં જ પડાવ નાંખેલો. એણે આ સંતોને જોયાં એટલે તરત જ બોલવા માંડ્યા. ઓ...હો....હો... આજે અહીંજ મળી ગયા. સ્વામિનારાયણના સાધુઓ આવો બહુ દા'ડાથી ઈચ્છા હતી તમારા દર્શન કરવાની. ઉભા રહો. ઉભા રહો.... તમારી પૂજા કરવાની છે. ડરશો નહીં ડરશો નહીં તમારા ઉપર તો અમને બહુ ભાવ છે. મહાત્માઓ ઉભા રહો. આવી કપટવાણી બોલનારા આ દુષ્ટજનો દોડીને આ સંતોને પકડી લે છે. પકડીને પોતાના પડાવમાં ધક્કા મારીને લઈ ગયા.

પછી ગાળો દેવાં માંડ્યા. જાણે બ્રહ્માનું પાંચમું મોઢું ફીટ કર્યું ના હોય. એમ ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા. ખાલી ગાળો દઈને ચલાવી લીધું હોત તો વાંધો નહોતો પણ મારવા માંડ્યા. વસ્ત્રો ખેંચી લીધાં. કેટલાક તો મુક્કા મારવા માંડ્યા. અરે કેટલાક તો પગથી તાડન કરવા લાગ્યા. તો કેટલાંક લાકડીથી મારવા માંડ્યા. આ સંતો શું કરે ? બેસી રહ્યા. તો કેટલાક દુર્જનો કહેવા માંડ્યા કે મારશો નહિ, આપણે એક કામ કરીએ. આ બે સાધુ હાથમાં આવી ગયા છે, આપણે અહીં ઘણા છીએ. આપણા વાસણ એની પાસે સાફ કરાવો. આ બધું વળાવો. મજૂરી કરાવો અને નવરા પડે એટલે હાથે પગે બાંધીને ઓરડામાં પુરી દેવાં. આવી રીતે બકવાદ કરવા લાગ્યા.

આ બાજુ ખોખરા ગામની ભાગોળે સભા થયેલી ત્યાં દોડતાં કેટલાકં સંતો પહોંચી ગયા અને મહારાજ આગળ બધી વાત કરી કે આવું થયું છે. મહારાજે હરિભક્તોની સભા સામે જોયું. હવે આ સંતોને કોણ છોડાઈ આવશે ? બે જુવાનીયા હરિભક્ત ઉભા થઈ ગયા. શિક્ષાપત્રીમાં મહારાજે ક્ષત્રિય ભક્તો માટે લખ્યું છે કે શૂરવીરપણું અને ધીરજ યુક્ત થવું. શૂરવીરતાની સાથે ધૈર્ય જોઈએ. ધૈર્ય છે એ વિચાર છે. શૌર્યની બ્રેક છે. આ બંને ભક્તોને શ્રીજીમહારાજ કહે છે, હે ભક્તો ! તમે શૂરવીર છો. તમે સાધુને છોડાવવા ઉભા થઈ ગયા પણ સાચવીને આગળ વધજો.

આ ભક્તોએ અમદાવાદ સાબરમતીનું પાણી પીધેલું એટલે તરત જ મહારાજની આજ્ઞાનો વિચાર કર્યો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

મહારાજે કહ્યું કે, તમારૂં શૌર્ય સાચવીને આગળ વધજો. એટલે જો જઈને સીધા જ શૌર્ય દેખાડીશું તો કદાચ આપણે પણ મુશ્કેલીમાં મુકાઈએ. માટે કાંઈક યુક્તિ (કળ) કરીએ અને સંતોને છોડાવીએ.

આ બંને ભક્તોએ કંઠી સંતાડી દીધી. કામ કરવું છે તો..... લલાટ ઉપર ઉર્ધ્વ તિલક-ચાંદલો હતો ભૂંસી નાંખ્યો. દોડીને બજારમાંથી રૂદ્રાક્ષની બે-ચાર માળાઓ લીધી અને પહેરી લીધી. લાંબા ઝબ્બા, હિરકોરી ધોતીયાં પહેર્યા. અને કોઈ વિચિત્ર જ તિલક લગાવી દીધું. અને એ જમાનાના શેઠીયાઓ જેવા દેખાવા લાગ્યા. એક શેઠ બન્યો અને બીજો જાણે એમનો મુનીમ હોય એવો બન્યો.

જ્યાં બધાં અસુરો હતા. ત્યાં પહોંચી જાય છે. એ લોકોમાં જે આગેવાન હશે એ પાટ ઉપર બેઠેલો. ત્યાં જઈ હાથ જોડ્યા. એટલે એણે જોયું કે કોઈ શેઠીયા આવ્યા છે. એટલે આવકાર આપ્યો. આઈયે આઈએ શેઠજી ! કહાં રહેતે હો ? અને આ શેઠજીએ કહ્યું. અમે તો અમદાવાદમાં રહીએ છીએ. ભગવાનની મહેરબાની થઈ ગઈ, વેપારમાં ખૂબ નફો થયો એટલે મનમાં વિચાર થયો, એક ભંડારો કરી નાંખીએ. એટલે આ અસુરોનો આગેવાન ખુશ થઈ ગયો. હા....હા..... અચ્છા હૈ.... ભંડારા કરો. ક્યારે ઈચ્છા છે ? ધર્મના કાર્યમાં ઢીલ ન કરવી જોઈએ. કાલેજ થઈ જાય. એટલે ભંડારામાં શું ઈચ્છા છે ? શેઠ કહે છે, બીજું કાંઈ નહીં કાલી રોટી ધોલી દાળ. માલપૂવાને દૂધપાક. અસુરોને એમ થાય છે કે વાહ.....વાહ.... કાલે જલસો પડી જશે.

પછી આ બે શેઠિયાને કહે છે, ‘‘આવો...આવો..... અમારી આ જગ્યા જુઓ.’’ પછી અંદર ફેરવવા માંડ્યા. ત્યાં અંદર એક જગ્યાએ ખૂણામાં બે સાધુને બાંધેલા જોયા. હાથે ને પગે દોરડાં બાંધેલા અને એક થાંભલે ઉભા રાખેલાં. આ બંને ભક્તોએ જોયું એટલે એમનું કાળજું કંપી ઉઠ્યું. એવી રીસ ચડી કે જો કોઈ બંધુક હોત જોડે તો આ બધાની ઉપર ચલાવી દેત. પણ પછી તરત જ ઈષ્ટદેવનાં શબ્દો યાદ આવ્યા કે, ‘‘શૌર્ય સાચવજો.’’ એટલે એકદમ બંને જણા કહે છે, ‘‘માફ કરજો. અમારે ભંડારો નથી કરવો.’’ કેમ ? અમારો નિયમ છે. જ્યાં સ્વામિનારાયણના સાધુડા દેખાય ત્યાં કોઈ સમર્પણ નહી કરવાનું. અને આ લોકોએ વિચાર કર્યો. હવે શું કરશું ? આ શેઠીયા તો આપણી જેમ સ્વામિનારાયણના દ્વેષી છે. જો ભંડારો.... માલપૂવા જોઈતા હોય તો આ સાધુડાઓને કાઢી મુકવા પડે. બધાએ ભેગા થઈને નિર્ણય કર્યો કે કાઢી મુકો. આ સાધુડા તો ફરીથી પકડાશે પણ આ શેઠિયા ફરી હાથમાં નહી આવે. અને આગેવાન અસુરે કહ્યું, ‘‘નહીં.... નહીં.... શેઠજી ! આપ જૈસા ચાહતે હો ઐસા હી હોગા.’’ અને શેઠજીના દેખતાં જ બે સાધુડાંને છોડી મૂક્યાં. ભાગો અહીંથી....

પછી શેઠજી બોલ્યાં કે ‘‘અબ સહી હૈ, તો ફીર કલ કા ભંડારા પક્કા, કાલી રોટી ઔર ધોલી દાલ.’’ આટલું કહીને બેઉ શેઠજી જતા રહ્યા. કાલ કોણે દીઠી છે.’ તે બધાએ માલપૂવા ખાધા કે મઠના રોટલા. બીજા દિવસે શું બન્યું એનો કોઈ પત્તો નથી.

આ બંને સંતોએ છુટતાની સાથે દોટાદોટ જઈને ખોખરાની સભામાં જઈને મહારાજને વંદન કર્યા. બધી વાત કરી કે શું બન્યું હતું. મહારાજે કહ્યું, તો પછી કઈ રીતે છૂટ્યા ? મહારાજ ! છૂટીએ એવું દેખાતું નહોતું પણ અજાણ્યા બે માણસો આવેલા. કોઈ શેઠિયા જેવાં હતાં. ત્યાં જમાડવા આવેલા પણ એ આપણા દ્વેષી હતા. એટલે પેલા લોકોએ ભોજનની લાલચે અમને છોડી દીધાં. મહારાજે કહ્યું, એ દ્વેષી નહોતા પ્રેમી છે. મહારાજે પછી પેલા બે હરિભક્તોને સભામાં ઉભા કર્યા. અને સંતોને કહ્યું કે જુઓ આ કોણ છે ? અને સંતો મનોમન તે ભક્તોને વંદી રહ્યા. પ્રભુ કહે છે, તમને છોડાવવાં માટે એવો વેષ ધારણ કરેલો.

મિત્રો ! જરા શાંતિથી વાંચશો અને વિચારશો તો સમજાશે કે આપણી પાસે જે વારસો છે તેનું મૂલ્ય શું છે ? એટલું સમજાય તો ઘણું !!

જીંદગીને જોખમમાં મૂકે એવી અનેક ઉપાધિઓ સહન કરીને જેઓએ ઈષ્ટદેવ શ્રીહરિને રાજી કર્યો છે. એવા સંતોના દાખડા યાદ કરીને સહજાનંદી સિંહ બનીને નિયમ, નિશ્ચય અને પક્ષની બાબતમાં દઢ બનીને સાચા સત્સંગી બની રહેજો.

●

### આ કેવી કસોટી ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! તમે વારસદાર શબ્દ તો સાંભળ્યો જ હશે ને ! વારસદાર એટલે કે જે સંપત્તિ ઉપર પોતાનો કાયદેસર હક્ક સાબિત કરી શકે તે. સંપત્તિ પણ ઘણા પ્રકારની હોય

છે. આપણને એવું પણ સાંભળવા મળે છે કે પિતાની જમીન, સંપત્તિ, પ્રોપર્ટી હોય તેના પર તેના સંતાનોની વારસદારી આપો આપ આવી જાય છે. પણ એક એવી સંપત્તિ છે કે તેમાં કોઈ હોદ્દાની કે કોઈ પદની રૂએ વારસદારી નોંધાવી શકાય નહી. તે સંપત્તિ છે જ્ઞાન.

પિતા વૈજ્ઞાનિક કે ડૉકટર કે શિક્ષક હોય તેનો દીકરો તેવો જ વૈજ્ઞાનિક કે ડૉકટર કે શિક્ષક બને તેના જ્ઞાનનો તે અધિકાર મેળવે તેવું શક્ય નથી. બની શકે ખરો, પણ તેના માટે તેણે મહેનત કરવી પડે. તપસ્યા અને કસોટીમાંથી પસાર થવું પડે તો જ્ઞાન પ્રાપ્ત થાય.

તે જ બાબત આધ્યાત્મિક માર્ગમાં પણ એટલી જ મહત્વની છે. ગુરુના જ્ઞાનને પામવા ગુરુના રાજીપાને પ્રાપ્ત કરવો તે ખૂબ જરૂરી છે. ગુરૂ રાજી થાય તો શિષ્યમાં જ્ઞાનનું સિંચન થતાં વાર લાગતી નથી. પણ રાજીપો મેળવતા પહેલા શિષ્યે ઘણી કસોટીઓ સહન કરવાની કે કસોટીઓમાંથી પાર ઉતરવાની તૈયારી રાખવાની હોય છે.

અભ્યાસમાં તો એક બાબત નક્કી હોય છે કે નિયત કરેલા અભ્યાસક્રમના કોર્ષમાંથી જ પ્રશ્નપત્ર નીકળે અને તેના સાચા જવાબ આપે તે ઉત્તિર્ણ થાય પણ આધ્યાત્મિક માર્ગમાં ક્યારે, કેવા સમયે કેવી કસોટી થાય તેની કોઈ નક્કી પધ્ધતિ છે જ નહી. આજે આપણે એવી જ એક નાની પણ ઘણી ઉપયોગી વાત વાંચીશું.

એક ગામમાં મંદિરમાં એક ગુરુજી રહે. ગામવાસીઓ તેમજ આજુબાજુના વિસ્તારના ઘણા ધર્મપ્રેમી જીવો પોતાને ગુરૂજીના શિષ્ય માને. એવામાં એક સમયે ગુરૂજીને ગુમડું થયું. આ બાબતની જાણ સમગ્ર શિષ્ય સમુદાયમાં થઈ ગઈ. તેથી એક પછી એક બધા આવે તે કોઈ પાટો બાંધે, કોઈ દવા લગાવે, શેક કરે એમ બધા સેવા કરવા લાગ્યા. ગુરૂજી પણ એવા કે મુખ્ય પાટો કોઈને ખોલવા દે નહી. બધા ઉપર દવા કરે. આ બાબતે ગુરૂના મનમાં શું છે તે શિષ્યો તો શું જાણી શકે ! એવામાં એક દિવસે તો ગુરૂજીએ જાહેરાત કરી, ‘‘આ ગુમડાંના કારણે હવે મારો દેહ નહીં ટકે, સૌએ મારાં છેલ્લા દર્શન કરી લેવા.’’ આવી જાહેરાતથી શિષ્ય સમુદાયમાં તો સોંપો પડી ગયો. ગામ-બહાર ગામથી હજારો શિષ્યો આવવા લાગ્યા ને વિશાળ મોટી સભા ભરાઈ ગઈ. બાળકો, યુવાનો, વૃધ્ધો બધા જ આ સભામાં હતા.

ગુરૂજીએ તો વાત શરૂ કરી - ‘‘જુઓ ભાઈઓ ! તમે બધા જ મારા શિષ્યો છો. હું તમારો ગુરું છું. તમને ઉપદેશ આપ્યો છે, જ્ઞાન આપ્યું છે એનું પાલન કરજો. આ ગુમડું એટલું ઝેરી છે કે હવે મારો દેહ પડ્યા વિના નહી રહે. મને જીવવા માટે તમે બધાએ ઘણી મહેનત કરી છે પણ હવે જેવી ઉપરવાળાની મરજી. એક વાત એવી છે કે મને વિચાર થાય છે કે તમને કહું કે ના કહું ?’’ બધા શિષ્યો કુતુહલવશ વાત સાંભળવા ઉત્સુક થયા અને કહેવા લાગ્યા, ગુરૂજી ! તમે વાત કહો. ગુરૂજી કહે, ‘‘વાત એમ છે કે આ ગુમડું ફાટે તે પહેલાં કોઈ શિષ્ય જો આ ગુમડું ચૂસી જાય તો હું જીવી શકું પણ જે ગુમડું ચૂસે તેનું તર્તજ મોત થઈ જાય.’’

બધાને એવી ઈચ્છા તો હતી કે કોઈ ગુમડું ચૂસે ને ગુરૂજી બચી જાય. પણ ... મરે કોણ ! એવામાં એક યુવાન ઉભો થયો. ‘‘ગુરૂજી ! લાવો હું તમારૂં ગુમડું ચૂસી જાઉં.’’ ગુરૂજી કહે, તું રહેવા દે, તું યુવાન છે. આ યુવાન કહે છે, ગુરૂદેવ ! તમારા માટે આ એક જીંદગી તો શું, સો સો.. જીંદગી કુરબાન છે. આટલું બોલતા તેણે તો ગુમડું ચૂસવાનું ચાલુ કરી જ દીધું. ગુરૂજી કહે, બેટા ! સ્વાદ કેવો છે ? ગુરૂજી, મને તો પાકેલી કેરીના જેવો સ્વાદ લાગે છે. અને ગુરૂજી તો ખડખડાટ હસવા લાગ્યા. આખી સભાના દેખતાં એમણે પાટો છોડ્યો અને અંદરથી પાકેલી કેરી નીકળી.

આખી સભામાં ગુરૂજીએ જાહેર કર્યું... કે મને ઘણાં દિવસોથી વિચાર આવતો હતો કે તમે આટલા બધા છો તેમાંથી મારો સાચો શિષ્ય કોણ ? તે ખાત્રી કરવા માટે જ મેં આ પ્રયોજન કર્યું હતું. ને તેમાં મને ખાત્રી થઈ ગઈ કે આટલા બધામાં આ એક જ સાચો શિષ્ય મને મળ્યો છે. હવે હું તેને મારા જ્ઞાનનો વારસદાર નીમું છું. આમ, ગુરૂજી દ્વારા લેવાયેલી કસોટીમાં જે શિષ્ય ઉત્તિર્ણ થયો તેને ગુરુએ કૃપા કરી જ્ઞાનનો ઉપદેશ આપી જ્ઞાનનો વારસદાર બનાવ્યો.

જોયું ને મિત્રો ! કસોટી પાર કરવાથી શિષ્યને કેવું ફળ પ્રાપ્ત થયું. જો આપણામાં પણ ગુરૂ પ્રત્યે, ઈષ્ટદેવ પ્રત્યે આવો સદ્‌ભાવ પ્રગટ થાય તો જીંદગીનાં સાચા રહસ્યોનું જ્ઞાન થાય અને જીવન ધન્ય થઈ જાય.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''નદીની જેમ અવિરત ચાલતા રહેવાનું અને આપણા કર્મો દ્વારા સુગંધ પ્રસરાવવાની''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

બે વસ્તુ છે સૂતા સૂતા સ્વપ્ન જોવાના અને જાગૃત થઈને પ્રયત્ન કરવાનો, તો જો કાંઈ પ્રાપ્ત કરવું છે તો તેના માટે પ્રયાસ તો કરવો જ પડશે. જીવ જ્યારે જન્મે છે ત્યારથી સુખની ઈચ્છા લઈને જન્મે છે. અને લક્ષ્યની પ્રાપ્તિ નથી થતી તો અસંખ્ય બહાના શોધી લે છે. અને એ બહાના જ કારણ બની જાય છે. પૂરતો પ્રયાસ નહી કરવા માટે એક કાર્ય હાથમાં લઈએ ને એક વખત સફળ નહિ થઈએ તો બીજી વખત નથી લેતા છોડી દઈએ છીએ. એવું પણ કહી દઈએ છીએ કે ભગવાન રાજી નથી તો એવું નહિ કરવાનું.

આ સૃષ્ટિ બની ત્યારથી નદી અને પથ્થરને સંઘર્ષ ચાલું જ છે. પરંતુ નદી 'અડગ' હોય છે. એનો રસ્તો બનાવી લે છે. તો નદીનો વહેતો પ્રવાહ જેમ ચાલું હોય છે તેમ આપણે પણ રોકાવાનું નહિ. બીજા કોઈ જમે ને આપણું પેટ ભરાઈ જાય તે શક્ય જ નથી. આપણે અમુક જગ્યાએ પહોંચવું હોય તો બીજા કોઈ ચાલેને આપણે પહોંચી જઈશું. એવું નહિ બને જાતે જ ચાલવું પડશે. તો નદીની જેમ અવિરત ચાલતા રહેવાનું અને કર્મ ફળની આશા નહિ રાખવાની. ભવિષ્ય આપણા હાથનની વાત નથી. આપણા હાથની વાત એક જ છે આપણે જે રીતે ઈચ્છીએ તે રીતે કર્મ કરી શકીએ છીએ.

આપણે ઘણી વખત જીવનમાં કોઈપણ જગ્યાએ પહોંચવા માટે નાનો રસ્તો વિકલ્પ તરીકે પસંદ કરીએ છીએ કે ક્યાંથી જઈએ ? શું કરીએ ? તો જલ્દી પહોંચી જવાશે. એટલે આપણે ભગવાન પાસે અને મહાપુરુષો પાસે વરદાનની ઈચ્છા રાખીએ છીએ અને માણસ શાપથી બીવે છે. પણ વરદાન છે. તે ક્યારે શાપમાં પરિવર્તિત થઈ જાય છે તેની ખબર પડતી નથી અને ઘણી વખત શાપ પણ વરદાનમાં પરિવર્તિત થઈ જાય છે. રાહુ અને કેતુ હતા તેમણે અમૃતનું પાન કર્યું તો પણ એ શાપરૂપ સાબિત થયું. અને શંકર ભગવાન હતા તેમણે વિષ પીધું તો પણ મહાદેવ કહેવાયા. તો કહેવાનો આશય છે કે સારા વિચારો હોય અને ભાવ સારો હોય તો બધું સારુ થાય છે.

વરસાદનું બુંદ કેળાના ઝાડના પાન ઉપર પડે તો 'કપુર' બની જાય છે. છીપમાં પડે તો 'મોતી' બની જાય છે. અને સર્પના મોઢામાં પડે તો 'વિષ' બની જાય છે. પાણીના બુંદમાં કોઈ ફેર નથી. વસ્તુનો સ્વભાવ છે. ગુણ છે. દરેકનો સ્વભાવ જુદો જુદો છે. જે વસ્તુનો સ્વભાવ છે. તેના પર પડે છે. તો એક બુંદ તેના દ્વારા આકર્ષિત થઈ એમાં જ પરિવર્તિત થઈ જાય છે. તો આપણે તો માણસ છીએ તો આપણે વિવેકબુદ્ધિથી વિચારવાનું કે **આપણે શું કરવું છે ? 'કપુર' જેવા સુવાસિત થવું છે. તો આપણા વિચારો શુધ્ધ રાખવાના.** સર્પના વિષ જેવા થઈ જઈએ તો આપણું જીવનરૂપી ધ્યેય છે એના માટે કરેલો પરિશ્રમ નકામો થઈ જાય છે. ચંદનના વૃક્ષ પર સર્પ વીંટળાઈને રહે છે. તો પણ ચંદનના વૃક્ષની શીતળતા જતી નથી. વિષ ફેલાતું નથી. ચંદનનું વૃક્ષ પોતાની શીતળતા અને સુગંધ છોડતું નથી. એવી રીતે **આપણું 'આત્મબળ' મજબૂત હોય તો 'સંગત' આપણું બગાડી શકતી નથી.** અને જીવનમાં બને ત્યાં સુધી સંગત હંમેશા સારા માણસની કરવાની. સજ્જન માણસની જોડે ગમે તેટલા 'મતભેદ' થયા હશે મનદુઃખ થયું હશે, તો પણ એ તમારો ખરાબ સમય આવશે ત્યારે બધું ભૂલી જશે અને તમને મદદ કરશે ! કેમ કે ? સજ્જન હોય તે પીગળી જાય છે. જ્યારે દુર્જન માણસ તમને તમારા ખરાબ સમયમાં વધારે હેરાન કરશે. માટે **જ્ઞાનના માર્ગ પર આગળ લઈ જાય તેવા લોકોનો સંગ રાખવાનો અને આપણા કર્મ દ્વારા સુગંધને પ્રસરાવવાનો.** જીવનમાં કરેલું એક સારુ કાર્ય પણ આપણું જીવન બદલી શકે છે. સત્ય, સહનશીલતા, ધર્મ, દયા, અસત્ય, ક્રોધ, અધર્મ, નિષ્ઠુરતા આ બધી પરિસ્થિતિ માણસના જીવનમાં બદલાતી હોય છે. બધા એકબીજાના પૂરક છે.

સીતાજીની શોધમાં રામ વનમાં નીકળ્યા ત્યારે એમણે જોયું કે 'જટાયુ' રાવણ દ્વારા ઘવાયા હતા તો જટાયુએ જે ક્રોધ કર્યો તે સીતાજીને બચાવવા માટે કર્યો હતો તો તે ક્રોધ આવકારાયો હતો. કેમ કે ? એ ક્રોધ પાપ ના ગણાય. તો તેમને તે **કર્મનું ફળ શું મળ્યું ? તો ભગવાન રામના ખોળામાં અંતિમ શ્વાસ લીધા. તેવી રીતે આત્મરક્ષા કે**

**બીજાની રક્ષા માટે 'આક્રમણ' એ પાપ ના કહેવાય. એ સમયની માંગ હોય છે. કેમ કે ? અધર્મનું આચરણ કરવાનું અર્થાત્ નિર્બળ અને અસહાય માણસને હેરાન કરવાનું દુઃખી કરવાનું એ મોટામાં મોટું પાપ છે. એને દંડ આપવા માટે આક્રમણ કરવું પડે.** પરંતુ અકારણ ક્રોધ, હિંસા એ ખોટું છે. તો જીવનમાં સારા કાર્યો કરવાના સકારાત્મક વિચારો રૂપી સુગંધને પ્રસરાવી આપણા આત્માને સુંદર બનાવીશું એ જ પ્રમાણે આપણને જગ્યા મળે છે. જેવી રીતે ફુલનું કાર્ય સુગંધ પ્રસરાવવાનું છે. સુગંધ ફેલાવી શકે છે. બીજું કાંઈ કરી શકતું નથી. પછી એ ફુલ કોઈ મંડપ બનાવવામાં વપરાય અથવા તો કોઈ મહાપુરુષને હાર પહેરાવવામાં વપરાય અથવા તો કોઈ મૃત્યુ પામેલી વ્યક્તિને શ્રધ્ધાંજલિ આપવામાં વપરાય જે રીતના પુષ્પ હશે એ રીતે વપરાય છે. તેવી રીતે ફળ આપણા હાથની વાત નથી. કર્મ આપણા હાથની વાત છે. વ્યક્તિનું સૌંદર્ય જે રીતનં હોય છે એ પ્રમાણે એને જીવનમાં જગ્યા મળે છે. અંદરના સોંદર્યની વાત છે. બહારના સોંદર્યની કિંમત નથી. **આપણા કર્મો દ્વારા અંદરની સુગંધ વધારવા માટે અવિરત પ્રયત્ન કરવાનો છે.** શિખર પર પહોંચી ગયા ભગવાનના **'કૃપાપાત્ર'** બની ગયા તો પણ એ વસ્તુ ટકાવી રાખવા માટે પણ પરિશ્રમ કરવો પડે છે. નહિ તો કાટ લાગી જાય છે. આપણને એવું લાગે છે કે હવે કાંઈ કરવાની જરૂર નથી તો આપણા જ્ઞાનને કાટ લાગી જાય છે. જ્ઞાન બીજાને આપી શીખવાડીએ એટલું વધે છે. માટે મનને ચોખ્ખું રાખવા માટે પણ હંમેશા સારી પ્રવૃત્તિમાં જોડાયેલું રાખવાનું. જો ધ્યાન ના રાખીએ તો નકામું જે ભરાઈ જાય છે તેના લીધે મનમાં જે બગાડ થાય છે તેને અંદરથી કાઢતા પવિત્ર કરતા વાર લાગે છે. પછી એ જલ્દી ભૂલાતું નથી. પછી તેમાં ગમે તેટલું સારું જ્ઞાન ગ્રહણ કરાવીશું તો પણ જલ્દી ઉગશે નહિ. જેમ જમીનનો કોઈ એક ટુકડો હોય છે. તે જગ્યા ઉપર આપણે કોઈ સારુ વૃક્ષ ન વાવીએ તો ત્યાં ઘાસ ઉગી જાય છે. જે જમીનની ફળદ્રુપતા ઘટાડી દે છે. અને સારું બીજ વાવશું જતન કરશું તો ફળફુલ બધું આવશે જે ઉપયોગી થશે. તો મનનું પણ એવું છે. માટે **મનનું 'ઘડતર' કરવાનું.** નહિ તો જ્યારે કુદરતનો ફટકો પડશે ત્યારે ક્યાંયના નહિ રહીએ. સમય ક્યારે પોતાની કરવટ બદલશે તેની કોઈને ખબર નથી. માટે હંમેશા સાવચેત રહી જીવનમાં સારા કાર્યો દ્વારા સુંદર પ્રસરાવવાની

●

### "મનુષ્ય જન્મનું કર્તવ્ય"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

મનુષ્ય જન્મ ચોર્યાસી લાખ દેહ રૂપી ચાળણીમાંથી ચળાઈને નીકળેલું રત્ન છે. એ રત્નને જતન કરીને તેનો સદ્‌ઉપયોગ કરવો, તોજ આ મનુષ્ય જન્મ સાર્થક થયો ગણાય. માટે મનુષ્ય જન્મ સફળ કરવા જીંદગીની એક પળ પણ નકામી જવા દેવી નહિ. જો નવરાશ મળે તો ભગવાનની ભક્તિ અને સત્સંગ કરી લેવો. મોંઘો મનુષ્યદેહ ફરી ફરી મળતો નથી. એમ શાસ્ત્રો અને સંતો પોકારીને કહે છે. માટે આવા અમૂલ્ય માનવ જીવનને સાર્થક કરવા અચૂક પ્રયાસ કરવો જોઈએ. આ મનુષ્ય દેહ પ્રભુનું ભજન, સ્મરણ ને ચિંતવન કરવા મળ્યો છે. આમ છતાંય અજ્ઞાની જીવ સાંસારિક કામ પતાવવામાં સતત રચ્યો પચ્યો રહે છે. આત્મ શ્રેય કરવાનું એને સુઝતું નથી. અચાનક કાળ આવીને ઉભો રહેશે ત્યારે એને જીવનમાં પસ્તાવાનો વારો ન આવે તે માટે કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો. જીવનમાં કરવા જેવાં કામ કર્યા હોય અને ન કરવા જેવા કામ ન કર્યા હોય તો જ મનુષ્ય જન્મ સાર્થક ગણાય.

પંચ વિષયના સુખમાં જીવે લાભ માન્યો છે. પરંતુ તે નાશવંત સુખ પાછળ લાખો લેખે લાતો ખાધી છે. છતાંય જીવને એનો મોહ છુટતો નથી. દુબળા ઢોરને રુસકે મન ચળે તેમ ભગવાનને માર્ગે દુબળા હોય ને કાંઈક પદાર્થ મળે એટલે રાજી થઈ જાય. આ જીવનો સ્વભાવ જ ભેંસના જેવો છે. તેને વિષયરૂપી માંદણામાં પડ્યું રહેવું બહુ ગમે છે. માટે જેને આત્મ કલ્યાણ કરવું છે એને તો સમય મળે એટલે પ્રભુનું ભજન સ્મરણ કરતા રહેવું જોઈએ.

જેમ રેલ્વેનું સ્ટેશન આવતા ઉતરનાર જે ઉતારૂ પોતાનો સામાન હાથવગે કરીને દરવાજે ઉભો રહી જાય છે. તે સહેલાઈથી તરત ઉતરી શકે છે. એમ મૂઆ પહેલા પોતાનું જીવન ભજન ભક્તિ અને સત્ચારિત્ર્યમય બનાવી દેવું. પોતાના ખેતરને પડતું મેલીને સોળસહિયારા ખેતરમાં સતત મહેતન કરે એને ડાહ્યો ન કહેવાય. મૂરખ કહેવાય. એમ પોતાનું આત્મ કલ્યાણનું કામ પડતું મૂકીને કાકા-મામા ને સાળા સાઢું વગેરેનું સારૂં કરવા જીવનભર મંડ્યો રહે એ પણ મૂરખ જ છે. માનવી આખી જીંદગી સગા સંબંધીને ખોટું ન લાગે તેમ વ્યવહારમાં સતત ધ્યાન રાખીને પ્રયાસ કરતો રહે છે. પરંતુ જેણે આવો અમૂલ્ય માનવ દેહ આપ્યો એ મહાપ્રભુને ખોટું ન લાગે એમ જીવન જીવવું જોઈએ. એટલે ભક્તિ-સત્સંગ પરાયણ જીવવું.

રેડિયો સ્ટેશન બંધ થયા પછી રેડિયો ચાલુ કર્યો હોય તો એમાં કાંઈ સાંભળવા ન મળે. તેમ આપણે પણ એવું જ બને છે કે યુવાની જતી રહી પછી ઘડપણમાં માણસો રેડિયો ખોલે છે. કાનનું, આંખનું સ્ટેશન બંધ થવા લાગે પછી હરિભજન-કથાની વાત કરીએ એ કેમ બંધ બેસે એટલે સ્ટેશન બંધ થયા

પહેલા સાવધાન થઈ પ્રભુ ભજી લેવા તત્પર થવું જોઈએ.

ફિલ્મ શોમાં ''ધ એન્ડ'' આવતા પ્રેક્ષકો થિયેટર છોડીને બહાર ચાલવા માંડે છે. કિનારો દેખાતાં નાવિક સઢ સંકેલવા માંડે છે. સંધ્યા કાળ થતા પક્ષીઓ માળા તરફ પાછા ફરવા માંડે છે. એમ માથા પર સફેદ વાળ આવતા જ પહેલાં મનને પંચ વિષયમાંથી પાછું વાળી હરિભજનમાં જોડવા પ્રયત્ન કરવો જોઈએ. નહિતર કાળ આવશે ને પકડી લેશે તેની વાર પણ લાગશે નહિ.

એક ઉંદરે ખેડૂતના ઘરમાં કોઠાના સણાનું બૂગડું ખેંચ્યું એટલે કોઠીમાંથી ઘણો બધો બાજરો બહાર નીકળી આવ્યો. એ જોઈ ઉંદર ખુશ ખુશ થઈ ઠેકડા મારવા માંડ્યો, મારાથી એ શે ખૂટશે ? ત્યાં તો એને જોઈને બિલાડી ચૂપચાપ ત્યાં આવી પહોંચી ને મોમાં લઈને ચાલતી થઈ ગઈ. તેમ આપણને પણ મનસુબા ધાર્યા કરતા વધુ મળી જાય ત્યારે જીવ કૂદાકૂદ કરે છે. પરંતુ કાળ એને ઝડપી લેશે. વાર પણ નહિ લાગે માટે માન-મોટાઈ કે પદ પ્રતિષ્ઠા પામતા તેનું મન પ્રભુ ભજનમાં લાગતું નથી. જેમ શોર્ટ-સર્કીટ થવાથી તમામ વાયરીંગ બળી જાય છે. તેમ માન-મોટાઈના વિચારો આવતા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, વિવેક, આદિ શુભ ગુણો ચાલ્યા જાય છે. માટે જગતને પ્રાધાન્ય ન આપવું. ભગવાનનું પ્રાધાન્યપણું રાખવું તોજ મનુષ્ય જન્મ સાર્થક બની શકશે.

જ્યારે ભજન સ્મરણમાં ચિત્ત ચોંટે નહિ ત્યારે બાઈ હોય કે ભાઈ, ગૃહસ્થ હોય કે ત્યાગી તેમને વિચારવું કે હૈયામાં જગતનું પ્રાધાન્યપણુ છે કે ભગવાનનું છે. ભગવાન ભૂલાય ત્યારે માન કે જગતમાં જેવો માલ મનાયો છે તેવો ભગવાનમાં નથી મનાયો. કેશર ચંદનથી ભરેલા વાટકા પર બેસવાને બદલે માખી ગંદકી ઉપર બેસે છે. કારણ એને ચંદન કરતા ગંદકીમાં વધારે ખેચાણ છે. તેમ આપણું મન મૂર્તિમા ન ચોટે ને નાશવંત પંચવિષયમાં ચોંટી જાય છે. તો માનવું કે આપણને ભગવાનનો પૂરો મહિમા સમજાયો નથી. આમ જીવને ઉંધું તાન ચડ્યું છે. જેથી અસત્ય સુખનો આનંદ વધારે રહે છે. જગતને પ્રાધાન્ય આપ્યું ને હૈયામાં ભર્યું પણ સત્સંગનું પ્રાધાન્ય ન આપ્યું. તેથી જન્મ-મરણના ફેરા ટળ્યા નહિ. આ અંગે હરિલીલામૃતમાં મુમુક્ષુનું ધ્યાન દોરતા કહે છે કે,

**''એક ઈન્દ્રિયને વશ ન થાવું, હોય જો હરિધામમાં જાવું,**
**હોય વસ્તુ રજોગુણ વાળી, ભમાવું નહી તેહને ભાળી,**
**પ્રીતિ કોઈ વિશે રહી જાય, તેનો જન્મ જરૂર ત્યાં થાય,**
**માટે પ્રીતિ ન રાખવી ક્યાંય, પ્રીતિ રાખવી પ્રભુ પદમાંય.''**

ખેતરને વાડ કરી હોય છતાં બળાવન ઢોર એ વાડને ઠેકીને અંદર પડે છે. તેમ નિયમની વાડ હોય તોય ઈન્દ્રિયો અંતઃકરણ એ વાડાને ઠેકીને વિષયમાં પડે છે. આવું માયાનું બળ છે. માટે નિશદિન સંત સમાગમ કરી લેવો. વાવ્યા પછી ખેડૂતો મોલમાં ઉગેલ ખડને નીંદે છે. તેમ હૈયામાંથી ભગવાન સિવાય સર્વે નિંદામણી છે. માટે નિંદામણ દૂર કરવું જોઈએ. વ્યવહાર કરવો પડે તેટલી ઘડી કરી લેવો.

નવરા પડીએ એટલે ભગવાનને સંભારવા, મંદિરે જઈ દર્શન કરવા પણ જ્યાં ત્યાં ભટકવું નહી. દેહ ઘરડો થાય ત્યારે તૃષ્ણા વધે છે. પણ તૃષ્ણા ઘટાડીને પ્રભુ ભજી લેવા. આજ તો મહારાજ અઢળક ઢળ્યા છે. સત્યુગ, ત્રેતાયુગ દ્વાપર યુગ ને કળિયુગ. કળિયુગમાં તો ભગવાન મેળવવા માટે મહારાજ અઢળક ઢળ્યા છે. જે દુર્લભ હતા તે સુલભ થયા છે. આજ તો દૂધ-ચોખા જમીને પલંગમાં પડ્યા રહેવાનું આ ભગવાન અને આચાર્ય મહારાજશ્રીને સર્વોપરી માને તો તે છતે દહેજે અક્ષરધામમાં છે. આ તો મહારાજે હથેળીમાં ગોળ આપેલ છે. માટે ભગવાન ભજી લેવા. ભગવાને બધુંય સાનુકુળ કરી આપ્યું છે. પણ જીવ કેવળ કૃતઘ્ની છે. જીવને ગરજ નથી. સ્વામીએ વાતોમાં લખ્યું છે કે કેટલાય રૂપિયા ખરચતા આંખ કાન વિગેરે ઈન્દ્રિયો મળતા નથી. ભગવાને દયા કરીને આપ્યા છે. માટે પ્રભુ ભજી લેવા. ફરી ફરી આવો જોગ નહિ મળે.

સત્સંગમાં આવી સંતોના યોગમાં ત્યાગી તો થઈ ગયા પણ મનમાંથી પદાર્થનો કેટલો ત્યાગ કર્યો ને કેટલા ભગવાનમય બન્યા તે વિચારવું જોઈએ. હવે મનુષ્ય જન્મની અમૂલ્ય ઘડી બીજે નહી લગાડતા ભજન ભક્તિમાં જોડી દેજો. ને સંતસમાગમ ગરજુ થઈ ને કરી લેવો. મનુષ્ય જન્મની સાર્થકતા કરી લેવી.

●

### ''સેવાનો પ્રતાપ''

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગામ માળીયામાં મકન ભટ્ટ હતા. સુદામા જેવી ગરીબ સ્થિતિ હતી. એમની પાસે આ લોકની સંપત્તિ નહોતી. પણ દિવ્ય સંપત્તિ હતી. શ્રીમંત હતા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, દયા, સંતોષ વિગેરે સદ્‌ગુણોથી સમૃધ્ધ હતા. ગામમાં સંતો પધારે ત્યારે અચૂક કથામાં પહોંચી જાય, શાંતિથી કથા સાંભળે. સંતોની શું સેવા કરું. મારી પાસે પૈસા નથી. પણ દૂઝણું છે. હંમેશા ઠંડી મીઠી છાસ અને અથાણું સંતોને આપે, વરસો સુધી છાશ અને અથાણાંની સેવા કરી.

શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. રાત્રે દિવ્ય સ્વરૂપે પધાર્યા. મકન ભટ્ટ, જય સ્વામિનારાયણ શું કરો છો ? મહાપ્રભુ, જય સ્વામિનારાયણ. આજ ગરીબની ઝૂંપડીએ પધાર્યા. ધન્ય ઘડી ધન્ય અવસર. તૂટેલા ફાટેલા ખાટલા ઉપર ગોદડું પાથરી દીધું. શ્રીજી મહારાજ તે ઉપર બેઠા. પ્રભુને પગે લાગી બે હાથ જોડી કીર્તન ગાય છે.

**"પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળીયા ત્યારે,**
**નેણે મોહનવર નિરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે."**

શ્રીજી મહારાજે કહ્યું, તમે અમારા સંતોને છાશ અને અથાણું આપો છો તે બદલામાં અમે તમને શું આપીએ ! શી ઈચ્છા છે ભક્તરાજ, કહો તો ધન સંપત્તિ આપીએ, માલ મિલકત આપીએ. બોલો શું જોઈએ. મહારાજ આ લોકની નાશવંત સંપત્તિની કોઈ ઈચ્છા નથી. મહેનત મજૂરી કરી ગુજરાત ચલાવું છું. ને આનંદથી તમારું સ્મરણ કરું છું. હે પ્રભુ જો રાજી હો તો તમારા અક્ષરધામમાં તેડી જાવ. ભલે તૈયાર રહેજો. એકાદશીના દિવસે અમે તમને તેડવા આવશું. તેમનાં પત્નીને વાત કરી. હું ધામમાં જઈશ. ત્યારે તેમના પત્નીએ કહ્યું, દરરોજ છાશ હું બનાવતી હતી. તેથી પ્રભુજી ને કહો કે મને પણ ધામમાં તેડી જાય. શ્રીજી મહારાજ એકાદશીનાં દિવસે મકન ભટ્ટને ધામમાં તેડી ગયા અને બીજે દિવસે તેમનાં પત્નીને ધામમાં તેડી ગયા. આ છે સેવાનો પ્રતાપ. જંગલમાં જોગી તપ કરી કરીને રાફડા થઈ જાય તો પણ પ્રત્યક્ષ પ્રભુના દર્શન થતાં નથી. પણ આજે તો પ્રભુએ મોક્ષનાં દ્વાર ખુલ્લાં મુકી દીધાં છે.

વામનજીના ચરણના સ્પર્શથી ગંગાજી પ્રગટ થયાં. આતો અવતારના અવતારી સહજાનંદ સ્વામી છે. તેની રીત ન્યારી છે. તેને ઓળખી લ્યો. પણ આપણે બધા કેવા છીએ, કિંમતી વસ્તુને ફેંકીને નકામી નજીવી વસ્તુને પકડી રાખીએ છીએ. મોહ માયા, મારું તારું આળસ, અજ્ઞાન, અદેખાઈ આદિ નજીવી વસ્તુ પકડીને બેઠા છીએ.

**"આજની વાત મોરી જેથી જીવતર્યા કોટી કોટી.**
**ચરાચર સ્થાવરને જંગમ તે સહુને થયું સુગમ."**

અક્ષરધામની વાટ વહેતી કરી છે. પણ ધ્યાન રાખજો કેવા થશું તો ધામમાં જાશું.... હૈયામાં હરિ સાથે હેત મુખમાં હરિભજન, આંખમાં હરિની મૂર્તિ, કાનમાં કથા, હાથમાં માળા, સૌને પ્રણામ અને હૃદયમાં વૈરાગ્ય. નિર્વાસનિક થવાશે ત્યારે ધામમાં જવાશે.

## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે :** આસો વદ-૯ ને મંગળવાર તા. ૨૨-૧૦-૧૯ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૨ શુક્રવાર તા. ૨૫-૧૦-૨૦૧૯ સાંજે ૧૯-૦૮ થી ધનતેરશ બેસે મહાલક્ષ્મીપૂજન.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૩ શનિવાર તા. ૨૬-૧૦-૨૦૧૯ બપોરે ૩-૪૬ પછી કાળી ચૌદશ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

**દિવાળી :** આસો વદ-૧૪ રવિવાર તા. ૨૭-૧૦-૨૦૧૯ **સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન** સાંજે ૭-૩૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ :** આસો વદ-૩૦/૧ સોમવાર તા. ૨૮-૧૦-૨૦૧૯.

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**
**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**
**રાજભોગ આરતી : સવારે : ૧૨-૦૦ કલાકે**
**અન્નકૂટ દર્શન : બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** શ્રીજીમહારાજે ચાતુર્માસનો વિધિ ક્યા ગામમાં વર્ણવ્યો છે ?

**પ્ર. ૨** ‘અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરીશું.’ આ વાત ક્યાં વચનામૃતમાં કહી છે ?

**પ્ર. ૩** ‘‘એક પૃથ્વી છે તે શરીરમાં ક્યા ક્યા ભાવ રૂપે રહી છે.’’ વચનામૃતના આધારે ?

**પ્ર. ૪** ‘‘મહારાજને ગરજ હશે તો આંહી મને દર્શન દેવા આવશે, હું તો નહિ આવું.’’ - આવું વચન કઈ બાઈએ પોતની માતાને કહ્યું હતું ?

**પ્ર. ૫** ઘનશ્યામ મહારાજ ખાંપા તલાવડીએ કોની પાસે રામાયણની કથા સાંભળતા હતા ?

**પ્ર. ૬** શિક્ષાપત્રીમાં ભક્તિનું સ્વરૂપ કેવું જણાવેલું છે ?

**પ્ર. ૭** ‘‘પોતે નરનારાયણ બોલીયા રે, મને વાલા પૂનમીયા દાસ, એમ જાણીને પૂનમે આવજો રે.’’ - આ પદ ક્યા નંદ સંતે બનાવેલ છે ?

## ઓગસ્ટ-૨૦૧૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ૧૧૩. (૨) સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮. (૩) શંખ, ચક્ર, ગદા, પદ્મ. (૪) અણીમા, મહિમા, ગરિમા, લઘીમા, પ્રાપ્તિ, ઈશિતા, વસિતા, પ્રાકામ્ય. (૫) શ્રીમદ્ સત્સંગીજીવનમાં ૮ શ્લોકમાં. (૬) બે દીકરા - મોરારજી, રામચંદ્ર, એક દીકરી - કુંવરબાઈ. (૭) સંવત ૧૮૭૮ ના માગશર વદી-૧૪ ના

૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૨ પટેલ નટવરભાઈ પરસોતમદાસ (નિર્ણયનગર)
૩ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૪ પટેલ ચંદ્રિકાબેન વિનોદભાઈ (મેમનગર)
૫ પટેલ સંગીતાબેન અરુણભાઈ (અંબાપુર)
૬ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૭ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૯ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૦ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૧ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૨ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૧૩ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૧૪ પટેલ શારદાબેન હીરાલાલ (સાબરમતી)
૧૫ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૧૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૭ ડૉ. પટેલ અરુણભાઈ ડી. (રાણીપ)
૧૮ ડાભી ધવલસિંહ ધર્મેન્દ્રસિંહ (ડાંગરવા)
૧૯ સાં.યો. બહેનો સ્વામિ. મંદિર (જુનું દરબારગઢ, મોરબી)
૨૦ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૨૧ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૨૨ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૨૩ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૨૪ સાં.યો. કોકીલાબા, ઉષાબેન (સુરેન્દ્રનગર મંદિર)
૨૫ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨૬ મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી (સ્વા.મંદિર હિંમતનગર)
૨૭ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૮ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન મંદિરના પ્રસાદીના ચોકમાં સુંદર ભવ્ય શણગારેલા સમિયાણામાં આપણા ગાયક વૃંદના પરેશ તથા ઓમ સોની આદિ કલાકારોએ તેમજ બ્ર. સ્વા. મુકુન્દાનંદજી આદિ સંતોએ નંદ સંતો રચિત કીર્તનની હેલી વરસાવી હતી. રાસ-ગરબા પણ ધામધૂમથી થયા હતા. શહેરના અનેક વિસ્તારના હજારો હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. અદ્ભુત અને ભવ્ય ઉત્સવને માણતા માણતા રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી થઈ હતી. જેમાં હજારો ભક્તોએ દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

દરેક ભક્તોને સુંદર મજાનો પંજાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સમગ્ર પ્રસંગમાં સ્વા. હરિચરણદાસજી, જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, શાસ્ત્રી મુનિ સ્વામી, યોગી સ્વામી અને ભક્તિ સ્વામી અને હરિભક્તોએ સુંદર આયોજન કર્યું હતું.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

### અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા ખાતે શ્રાવણ વદ-૮ ના શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાયો. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ આરતીમાં યાત્રિકો અને અયોધ્યાના સ્થાનિક ભાવિકો દર્શનાર્થે પધાર્યા હતા. દરેક ભક્તોને પંજાજીરી અને ફ્રુટ શિરાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. જેના યજમાન પ.ભ. ડૉ. પી.સી. તિવારી સાહેબ (લખનૌ) રહ્યા હતા. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને તેમના પાર્ષદ અને સ્ટાફે સુંદર આયોજન કર્યું હતું. (બુટીયાભાઈ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ખાતે સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજને સ.ગુ. મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બાવળા) અને મહંત સ્વામી ધર્મસુતપ્રિયદાસજી (બોપલ) એ પુષ્પાભિષેક કરી સુંદર દર્શન કરાવ્યા હતા.

તા. ૧૨-૮-૧૯ થી તા. ૧૮-૮-૧૯ પર્યન્ત જ્ઞાનસત્ર યોજાયું. જેમાં સ.ગુ. મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બાવળા)એ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથા સૌ હરિભક્તોને સંભળાવી હતી. અત્રે મંદિરમાં સત્સંગની સુંદર પ્રવૃતિ ચાલે છે. શ્રાવણ માસમાં ભવ્ય હિંડોળા કરવામાં આવ્યા હતા. (પ્રવિણ ઉપાધ્યાય)

### શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ બહેનોના મંદિરમાં કથા

જેતલપુરધામ નિવાસી શ્રી રેવતી-બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી પૂ. ગંગામાના રાધા-કૃષ્ણદેવના સાંનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસમાં આખો મહિનો બહેનોના મંદિરમાં સ.ગુ. નિષ્કુળાનંદ મુનિ રચિત હરિસ્મૃતિ ગ્રંથની કથા સાં.યો. નર્મદાબા ગુરુ સાં.યો. બચીબાના વક્તાપદે વિસ્તારથી સુમધુર શૈલીમાં કરી હતી. જેનો લાભ લઈ જેતલપુર તથા આજુ બાજુનાં ગામના બહેનો ખૂબ ધન્ય ધન્ય બન્યા હતા. (સાં.યો. સંગીતાબેન - જેતલપુર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર અસલાલી બહેનોના મંદિરમાં પંચાન્હ પારાયણ

જેતલપુરધામ નિવાસી શ્રી રેવતી-બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરનાં સાં.યો. બચીબાની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૬-૮-૧૯ થી તા. ૨૦-૮-૧૯ સુધી અસલાલી બહેનોના મંદિરમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન અસલાલીના અ.સૌ. પ્રજ્ઞાબેન પટેલનાં યજમાનપદે કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સાં.યો. સવિતાબેન ગુરુ સાં.યો. નર્મદાબા જેતલપુર વાળાએ બિરાજી સુંદર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

અસલાલી તથા આજુ-બાજુનાં ઘણાં બહેનો કથા સાંભળી ભાવ વિભોર બન્યા હતા. અસલાલી મહિલા મંડળે ખૂબ સુંદર સેવા બજાવી હતી. નિત્યે અવનવા પ્રસાદ લઈ સર્વે બહેનો ધન્ય બન્યા હતા. કૃષ્ણ-જન્મોત્સવ વગેરે ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. (અસલાલી મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે તા. ૨૮-૭-૧૯ ના રોજ નૂતન મંદિરના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન કરવામાં આવી હતી. તા. ૩-૮-૧૯ થી તા. ૯-૮-૧૯ પર્યન્ત શ્રી ઘનશ્યામ લીલા ચરિત્રની સપ્તાહ પારાયણ અ.નિ. આયુષીબેન દિપકકુમાર પટેલના સ્મરણાર્થે થઈ હતી. તા. ૪-૮-૧૯ ના સમૂહ મહાપૂજામાં ૧૧૧ યજમાન હરિભક્તોએ લાભ લીધો હતો. વાલી મંદિર અને બીલીયા મંદિરના સંતોએ ભગવાન શ્રીહરિના સર્વોપરીપણાની વાતો સંભળાવી હતી.

શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા હિંડોળામાં ઝુલાવી દર્શન કરાવ્યા હતા. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(જય એમ. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨) હિંડોળા દર્શન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨) ખાતે સર્વે હરિભક્તોએ સાથે મળી શ્રાવણ માસમાં ઠાકોરજીને વિવિધ સુંદર હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. જેના દર્શન સૌ હરિભક્તોએ કરીને ખૂબજ ધન્ય બન્યા હતા. (કે.બી. પ્રજાપતી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (સે-૨) ગાંધીનગર દ્વારા આયોજીત શ્રીમદ્ વચનામૃત સપ્તાહ જ્ઞાનયજ્ઞ**

